


# ન્યુઝ 4 કચ્છ
'વાત કચ્છીયતની'

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઇ દવે | News4Kutch Daily

News Help Line : 78 74 88 99 33

વર્ષઃ ૦૨ અંક : ૨ તા.૧૪.૦૭.૨૦૨૪, રવિવાર પાનાઃ ૬ કિંમતઃ રૂા.૧ રજી.ઓફિસઃ ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 02 Issue : 2 Dt. 14-07-2024, Sunday Page : 6 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com


**સુવિચાર**

*વ્યક્તિએ ક્યારેય તકની રાહ જોવી જોઈએ નહીં, કારણ કે આજે જે છે તે સૌથી મોટી તક છે!*

# પેટાચૂંટણીમાં ભાજપને ફટકો, ઇન્ડીયા ગંઠબંધને ૧૦ સીટો જીતી

**લોકસભાનાં પરિણામ બાદ ૭ રાજ્યમાં ૧૩ બેઠક પર યોજાયેલી પેટાચૂંટણીમાં ઈન્ડીયા ગઠબંધને જોરદાર લડત આપી છે. અને ૧૦ બેઠક પર ઈન્ડીયા ગઠબંધને જીત મેળવી છે.ખાસ કરીને અયોધ્યા બાદ બદ્રીનાથ બેઠકમાં કોંગ્રેસને મળેલી જીતથી જબરદસ્ત ઉત્સાહ જોવા મળ્યો હતો તો બંગાળમાં તમામ બેઠકો ટીએમસીએ જીતી હતી**

નવી દિલ્હી, તા.૧૩

દેશના સાત રાજ્યોમાં ૧૦ જુલાઈએ યોજાયેલી ૧૩ વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી માટે આજે મતગણતરી થઈ હતી. ભાજપની આગેવાની હેઠળના એનડીએએ બે બેઠકો જીતી છે. ૭ રાજ્યોની ૧૩ વિધાનસભા બેઠકો માટેની પેટાચૂંટણી ના પરિણામો જાહેર કરવામાં આવ્યા છે, જેમાં કોંગ્રેસ અને ટીએમસીએ ૪-૪ બેઠકો જીતી છે. જ્યારે ભાજપ ૨ બેઠકો જીતી શકી હતી. જલંધર બેઠક પર આમ આદમી પાર્ટીએ જીત મેળવી છે. ટીએમસીએ પશ્ચિમ બંગાળની ચારેય બેઠકો કબજે કરી લીધી છે. જ્યારે હિમાચલ પ્રદેશમાં ૨-૧થી મુકાબલો રહ્યો હતો, જ્યાં સત્તાધારી કોંગ્રેસે ૨ અને ભાજપે એક બેઠક જીતી હતી.

**ઉત્તરાખંડ :-** ઉત્તરાખંડમાં મંગલૌર અને બદ્રીનાથ સીટ પર પેટા ચૂંટણી યોજાઈ હતી. આ બેઠકો અગાઉ કોંગ્રેસ અને બસપાના કબજામાં હતી અને ભાજપ પાસે બેઠકો કબજે કરવાનો પડકાર હતો, જેમાં તે સફળ થઈ શક્યું નહીં. બદ્રીનાથ બેઠક પર કોંગ્રેસના લખપત સિંહ બુટોલાએ ભાજપના રાજેન્દ્ર ભંડારીને ૫ હજારથી વધુ મતોથી હરાવ્યા હતા. રાજેન્દ્ર ભંડારી અગાઉ અહીંથી ધારાસભ્ય હતા પરંતુ બાદમાં તેઓ ભાજપમાં જોડ-ાયા હતા. બીજી તરફ, મ્જી ધારાસભ્ય સરબત કરીમ અન્સારીના નિધન બાદ ખાલી પડેલી મંગલૌર સીટ પર કોંગ્રેસના કાઝી નિઝામુદીન જીત્યા હતા અને કાંટે કી ટક્કરમાં તેમણે ભાજપના કરતાર સિંહ ભડાનાને ૪૦૦થી વધુ મતોથી હરાવ્યા હતા.

**હિમાચલ પ્રદેશ :-** હિમાચલ પ્રદેશમાં કોંગ્રેસે ત્રણમાંથી ૨ બેઠકો જીતી છે. દેહરા સીટ પરથી મુખ્યમંત્રી સુખુના પત્નીએ ૯૩૯૯ મતોથી ચૂંટ-ણી જીતી હતી, જ્યારે નાલાગઢ સીટ પરથી કોંગ્રેસના હરદીપ સિંહ બાવાએ બીજેપીના કે.એલ ઠાકુરને લગભગ ૯ હજાર મતોથી હરાવ્યા હતા. હમીર પુરમાં બીજેપીના આશિષ શર્માએ કોંગ્રેસના પુષ્પેન્દ્ર વર્માને ૧૫૭૧ વોટ-થી કાંટે કી ટક્કરમાં હરાવ્યા હતા.



**પશ્ચિમ બંગાળ :-** તૃણમૂલ કોંગ્રેસે રાજ્યની ચાર વિધાનસભા બેઠકો પર ક્લીન સ્વીપ કર્યું છે. રાયગંજ, બાગદા, રાણાઘાટ અને માનિકતલા બેઠકો પર ટીએમસીના ઉમેદવારોએ શાનદાર જીત મેળવી છે.

**પંજાબ :-** જલંધર પશ્ચિમ બેઠક પરથી આમ આદમી પાર્ટીના મોહિન્દર ભગતે બીજેપીની શીતલ અંગુરાલને લગભગ ૩૭ હજાર મતોથી હરાવ્યા છે. પહેલા આ સીટ આમ આદમી પાર્ટી પાસે હતી અને શીતલ અહીંથી ધારાસભ્ય હતી. પરંતુ બાદમાં તે બી-જેપીમાં જોડાઈ ગઈ.

**બિહાર :-** બિહારની રૂપૌલી સીટ પર મોટો અપસેટ થયો છે, અહીં ત્નઙ્ઘે અને ઈત્નઙ્ઘ જેવી પાર્ટીઓને પાછળ છોડીને અપક્ષ ઉમેદવાર શંકર સિંહની જીત થઈ છે. જેડીયુના કલાધર મંડલ બીજા ક્મે જ્યારે આ સીટ પરથી ધારાસભ્ય બીમા ભારતી ત્રીજા ક્મે રહ્યા છે. બીમા ભારતી જેડીયુમાં જોડાવાને કારણે અહીંની સીટ ખાલી પડી હતી.

**તમિલનાડુ :-** તામિલનાડુની વિક્રા વંડી સીટ પર ડીએમકેએ જીત મેળવી છે. ડીએમકેના અન્નિયુર શિવા શિવાશનમુગમ. એ પટ્ટાલી મક્કલ કાચી પાર્ટીના અન્બુમણિ. સીને ૫૦ હજારથી વધુ મતોથી હરાવ્યા.

**મધ્યપ્રદેશ :-** મધ્યપ્રદેશની અમરવાડા સીટ પર ભાજપના કમલેશ શાહની જીત થઈ છે. જ્યારે કોંગ્રેસના ધીરેન શાહની હાર થઈ છે.

૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે અમરવાડા સીટ જીતી હતી, પરંતુ કમલેશ પ્રતાપ બાદમાં બીજેપીમાં જોડાયા હતા અને ત્યારબાદ આ સીટ ખાલી પડી હતી.

### પેટાચુંટણી બાદ કોંગ્રેસ ગેલમાં

સાત રાજ્યોની ૧૩ વિધાનસભા બેઠક પર યોજાયેલી પેટા ચૂંટણીમાં ઈન્ડિયા બ્લોકની ભવ્ય જીત બાદ વિપક્ષના નેતા રાહુલ ગાંધીની પહેલી પ્રતિક્રિયા આપી હતી કહ્યું કે ભારતીય જનતા પાર્ટીએ રચેલું 'ભય અને ભ્રમ'નું જાળું તૂટી ગયું છે. આ પેટા ચૂંટણીના પરિણામોએ તે સ્પષ્ટ કરી નાખ્યું છે. સાથે જ તેમણે કહ્યું કે ખેડૂતો, યુવાનો,મજૂરો, વેપારીઓ અને નોકરી કરતા લોકો સહિતના તમામ વર્ગો તાનાશાહીનો ખાતમો કરી ન્યાયનું શાસન સ્થાપિત કરવા માગે છે. પોતાના ભલા માટે અને બંધારણની રક્ષા કરવા માટે પ્રજા હવે સંપૂર્ણ રીતે ઈન્ડિ ગઠબંધનની સાથે છે.તો કોંગ્રેસ નેતા પવન ખેડાએ દાવો કર્યો કે, આ એક એવો ટ્રેન્ડ છે જે લોકસભા ચૂંટણીથી શરૂ થયો અને હવે આગળ વધી રહ્યો છે. આવી સ્થિતિમાં ભાજપ આવનાર તમામ ચૂંટણી હારતી રહેશે. અમારા માટે આ ટ્રેન્ડ ૨૦૧૪માં શરૂ થયો હતો. આ તો બસ શરૂઆત છે.

## ભારે વરસાદ બાદ નવસારી ડૂબ્યું

છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૬૮ તાલુકામાં મેઘમહેર થઈ હતી. જેમાં વલસાડમાં ૬ ઈંચ તો ગણદેવી અને ખેરગામમમાં પાંચ-પાંચ ઈંચ વરસાદ ખાબક્યો હતો. દક્ષિણ ગુજરાતમાં જાણે મેઘરાજા મહેરબાન થયા હોય તેમ જોવા મળ્યું હતું. તો બીજી તરફ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની પણ સમસ્યા સર્જાઈ હતી. ત્યારે આજે પણ રાજ્યના ૨૦થી વધુ જિલ્લામાં વરસાદની શક્યતા છે. નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના ખડસાડ ગામમાં વરસાદી પાણી ભરાયા હતા. ગામના મુખ્ય રસ્તા ઉપર પાણી ભરાતા રસ્તો બંધ કરવામાં આવ્યો છે. જેથી અનેક લોકોને હાલાકી પડી રહી છે. નવસારી અને ઉપરવાસના જિલ્લાઓમાં ભારે વરસાદને કારણે નદીઓ બે કાંઠે વહેતી થઈ છે. ડાંગ જિલ્લામાં ભારે વરસાદથી કાવેરી નદીના જળસ્તરમાં એક ફૂટથી વધુનો વધારો થયો છે. નદીમાં પાણી વધતા આતલીયા ઉંડાચને જોડતો પુલ પાણીમાં ગરકાવ થવાને આરે પહોંચ્યો છે. જો આ પુલ પાણીમાં ગરકાવ થશે તો અનેક ગામોને લાંબો ચકરાવો મારવો પડશે.નવસારી અને ઉપર વાસના જિલ્લાઓમાં ભારે વરસાદને કારણે નદીઓ બે કાંઠે વહેતી થઈ છે. ડાંગ જિલ્લામાં ભારે વરસાદથી કાવેરી નદીના જળસ્તરમાં વધારો થયો છે. કાવેરી નદીના જળસ્તરમાં એક ફૂટથી વધુનો વધારો થયો છે. કાવેરી નદીમાં પાણી વધતા આતલીયા ઉંડાચને જોડતો પુલ પાણીમાં ગરકાવ થવાને આરે છે. આતલિયા ઊંડાચ પુલ પાણીમાં ગરકાવ થાય તો અનેક ગામોને આ કારણે લાંબો ચકરાવો મારવો પડશે. નવસારી જિલ્લામાં ભારે વરસાદ તૂટી પડ્યો છે. જિલ્લામાં અવિરત વરસાદથી જન જીવન પ્રભાવિત થયું છે. મોડી રાતથી જિલ્લાના નવસારી, જલાલપોર અને ગણદેવી તાલુકામાં વરસાદ પડી રહ્યો છે. નવસારી અને ઉપર વાસના જિલ્લામાં પડી રહેલા ભારે વરસાદથી નદીઓમાં નવા નીરની આવક થઈ છે. ગણદેવીમાં કાવેરી નદીના જલાસ્તરમાં ૧ ફૂટનો વધારો નોંધાયો.

## સીબીઆઈ નીટ પેપર લીક કેસમાં ૧૩ આરોપીઓના રિમાન્ડ લેશે

પટણા હાઈકોર્ટે નીટ યુજી પેપર લીક કેસમાં આર્થિક અપરાધ એકમ દ્વારા ધરપકડ કરાયેલા ૧૩ લોકોના રિમાન્ડ સીબીઆઇને આપ્યા હતા. સીબીઆઈની ટીમ પૂછપરછ કરશે. ગુરુવારે પટના કોર્ટે રોકી ઉર્ફે રાકેશ રંજનના રિમાન્ડ સીબીઆઇને આપ્યા હતા. રાકેશ સંજીવ મુખિયાનો ભત્રીજો છે. વાસ્તવમાં, સીબીઆઈની અરજીને સ્પેશિયલ મેજિસ્ટ્રેટ, સીબીઆઈ, પટના દ્વારા ૨ જુલાઈના રોજ ફગાવી દેવામાં આવી હતી કારણ કે ધરપકડ પછીના પ્રથમ ૧૫ દિવસમાં પોલીસ કસ્ટડીની માંગ કરવાની વૈધાનિક અવધિ સમાપ્ત થઈ ગઈ હતી. સીબીઆઈએ આ આદેશને પટના હાઈકોર્ટમાં પડકારતા કહ્યું હતું કે તેણે જૂનમાં તપાસ શરૂ કરી હતી અને રાજ્ય પોલીસ દ્વારા ધરપકડ કરાયેલા શકમંદોની પૂછપરછ કરવાનો મોકો આપવામાં આવે રાજ્ય પોલીસ દ્વારા આરોપીઓને ૧૫ દિવસની પોલીસ કસ્ટડી પણ મળી નથી. સૂત્રોનું માનીએ તો, આરોપીઓ માત્ર બેથી ચાર દિવસ માટે પટના પોલીસ અને બિહાર પોલીસના આર્થિક અપરાધ યુનિટની કસ્ટડીમાં હતા અને તેમને ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા. સીબીઆઈએ દલીલ કરી હતી કે તેને આ આરોપીઓની પોલીસ રિમાન્ડના બાકીના સમયગાળા માટે કસ્ટડી આપવામાં આવી શકે છે, જે ૧૧-૧૩ દિવસની હોઈ શકે છે, જેને પટના હાઈકોર્ટે મંજૂર કરી હતી. અહીં જસ્ટિસ સંદીપ કુમારે કહ્યું કે કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને અને ન્યાયના હિતમાં સ્પેશિયલ મેજિસ્ટ્રેટ દ્વારા આપવામાં આવેલા આદેશના અમલીકરણ પર સ્ટે આપવામાં આવશે.

## કેપી શર્મા ઓલીએ નવી સરકાર બનાવવાનો દાવો કર્યો

નેપાળમાં ફરી એકવાર સત્તા પરિવર્તન થવા જઈ રહ્યું છે. કેપી શર્મા ઓલી, જેઓ અત્યાર સુધી પુષ્પ કમલ દહલ "પ્રચંડ" સરકારના સાથી હતા, તેઓ વડાપ્રધાન બનશે. આ તેમનો ત્રીજો કાર્યકાળ હશે. જો કે, કેપી ઓલી નવી સરકારની રચના માટે ક્યારે શપથ લેશે તે હજુ ફાઇનલ નથી. નેપાળના પૂર્વ વડાપ્રધાન કેપી શર્મા ઓલીએ નવી સરકાર બનાવવાનો દાવો કર્યો છે. પુષ્પ કમલ દહલ "પ્રચંડ" સંસદમાં વિશ્વાસ મત હારી ગયા બાદ તેમણે રાષ્ટ્રપતિની સામે ૧૬૬ સાંસદોના સમર્થનનો દાવો કર્યો છે. જેમાં તેમની જ પાટી યુએમએલના ૭૮ અને નેપાળી કોંગ્રેસના ૮૮ સાંસદોનો સમાવેશ થાય છે.૨૦૦૮ માં નેપાળની ૨૩૯ વર્ષ જૂની રાજાશાહી નાબૂદ થઈ ત્યારથી, દેશ નોંધપાત્ર રાજકીય અસ્થિરતા માંથી પસાર થઈ રહ્યો છે. છેલ્લા ૧૫ વર્ષમાં ૧૪ સરકારો બની છે. કેપી ઓલીના નેતૃત્વમાં બનેલી સંભવિત સરકાર આ સમયગાળા દરમિયાન ૧૪મી સરકાર હશે. કેપી શર્મા ઓલી બે વખત વડાપ્રધાન રહી ચૂક્યા છે. હવે જો નવી સરકાર બનશે તો કોપી ઓલીનો ત્રીજો કાર્યકાળ હશે.

## પહેલી મેચ હાર્યા બાદ ભારતનો ઝિમ્બાબ્વે સીરિઝ પર કબ્જો

**ઝિમ્બાબ્વે સામે પહેલી મેચ હારી અપસેટના સામનો કરનાર ભારતીય ટીમે સાનદાર વાપસી સાથે ચોથી મેચમાં જીત મેળવી સીરિજ પર કબ્જો કર્યો છે. અંતિમ મેચ પણ રવિવારે રમાશે**




હરારે, તા.૧૩


ઝિમ્બાબ્વેના હરારેમાં ચોથી ટી-૨૦ મેચમાં ભારતે ઝિમ્બાબ્વેને ૧૦ વિકેટે હરાવ્યું છે.ભારતની ચુંસ્ત બોલીંગ બાદ બેસ્ટમેન દ્વારા સાનદાર રમત દર્શાવતા ભારે મેચ જીતી સીરિઝ પર કબ્જો કર્યો છે છેલ્લા આ મેચમાં ભારતે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો હતો.ત્યાર બાદ ઝિમ્બાબ્વેએ બેટિંગમાં આવીને ભારતને ૧૫૩નો ટાર્ગેટ આપ્યો હતો. ભારત તરફથી કેપ્ટન શુભમન ગિલ અને યશસ્વી જયસ્વાલે બંને છેડેથી ફટકાબાજી કરતાં ભરતને ૧૦ વિકેટે જીત અપાવી હતી. આ સાથે ૫ ટી-૨૦ની શ્રેણી પર ભારતે કબ્જો કર્યો છે.ટી-૨૦ ક્રિકેટમાં ઓપનર તરીકે આ બંને ખેલાડીઓ લગભગ પોતાનું સ્થાન નિશ્ચિત કરી ચૂક્યા છે એવું કહી શકાય.અગાઉ શુભમન ગિલ અને અભિષેક શર્મા શ્રેણીની પ્રથમ બે T20 મેચમાં ઓપનર તરીકે રમ્યા હતા. પરંતુ યશસ્વી જયસ્વાલની વાપસી સાથે અભિષેક શર્મા ત્રીજી T20માં ત્રીજા નંબરે ધકેલાઈ ગયો હતો. ત્રીજી મેચમાં ગિલ અને યશસ્વીએ પાવરપ્લેમાં ભારતને શાનદાર શરૂઆત અપાવી હતી. તો બીજી તરફ ઋતુરાજ ગાયકવાડને ટીમ ઈન્ડિયામાં સ્થાન મજબૂત કરવા માટે હજુ રાહ જોવી પડશે એવું લાગી રહ્યું છે. જયસ્વાલ સાત રને સદી ચુકી ગયો હતો કેપ્ટન શુભમન ગિલે અર્ધી સદી પૂરી કરી હતી. ભારતના બન્ને ઓપનરોએ ચોગ્ગા છગ્ગા ફટકારી ઝિમ્બાબ્વેના બોલર્સની બરાબરની પીટાઇ કરી હતી. યશસ્વીએ ૫૩ બોલમાં ૧૩ ચોગ્ગા અને ૨ છગ્ગા સાથે ૯૩ રન ફટકાર્યા હતા જ્યારે શુભમન ગિલે ૩૯ બોલમાં ૨ ચોગ્ગા અને ૬ ચોગ્ગા સાથે ૫૮ રન ફટકાર્યા હતા.ગીલની ટી-૨૦ ઈન્ટરનેશનલમાં ત્રીજી અડધી સદી છે.યશસ્વીએ છઠ્ઠી T20 ઈન્ટરનેશનલ ફિફ્ટી ફટકારી હતી ઝિમ્બાબ્વે તરફથી કેપ્ટન સિકંદર રઝાએ સૌથી વધુ ૪૬ રન બનાવ્યા હતા

## જમ્મુ-કાશ્મીરના ગવર્નરની વહીવટી શક્તિઓ વધી

**ગૃહ મંત્રાલયે જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ, ૨૦૧૯ની કલમ ૫૫ હેઠળ સુધારેલા નિયમોને સૂચિત કર્યા છે, જેમાં LGને વધુ સત્તાઓ આપતા નવા વિભાગો ઉમેરવામાં આવ્યા છે. આ સુધારા પછી લેફ્ટનન્ટ ગવર્નરની અનેક બાબતોમાં સત્તા વધી છે**

જમ્મુ, તા.૧૩

કેન્દ્ર સરકારે જમ્મુ-કાશ્મીરને દિલ્હીની જેમ બંધારણીય અધિકારો આપવાની તૈયારી કરી લીધી છે. હવે જમ્મુ-કાશ્મીરના એલજીને પણ દિલ્હીના એલજીની જેમ વહીવટી સત્તા આપવામાં આવશે. અહીં પણ સરકાર એલજીની પરવાનગી વિના ટ્રાન્સફર પોસ્ટિંગ કરી શકશે નહીં. ગૃહ મંત્રાલયે જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ ૨૦૧૯ ની કલમ ૫૫ હેઠળ સુધારેલા નિયમોને સૂચિત કર્યા છે. જેમાં ન્ય્ને વધુ પાવર આપવા માટે નવા વિભાગોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જો કે જમ્મુ અને કાશ્મીરમાં પુનઃગઠન થયું ત્યારથી ચૂંટણીઓ યોજાઈ નથી, પરંતુ જ્યારે પણ ચૂંટણી થાય છે અને સરકાર રચાય છે, ત્યારે લેફ્ટનન્ટ ગવર્નર પાસે ચૂંટ-ાયેલી સરકાર કરતાં વધુ સત્તા હશે. આ સત્તાઓ દિલ્હીના એલજી પાસે હોય તેવી જ છે. જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ, ૨૦૧૯ ની કલમ ૫૫ હેઠળ સુધારેલા નિયમોમાં જે મુદ્દો ઉમેરવામાં આવ્યો છે તે નીચે મુજબ છેઃ




42A : અધિનિયમ હેઠળ 'પોલીસ', 'પબ્લિક ઓર્ડર', 'ઓલ ઈન્ડિયા સર્વિસ' અને 'એન્ટિ-કરપ્શન બ્યુરો' ના સંબંધમાં નાણા વિભાગની પૂર્વ સંમતિની આવશ્યકતા ધરાવતી કોઈપણ દરખાસ્ત મંજૂર અથવા નામંજૂર કરવામાં આવશે નહીં સિવાય કે જ્યાં સુધી તેને મુખ્ય સચિવ દ્વારા લેફ્ટનન્ટ ગવર્નર સમક્ષ મૂકવામાં ન આવે. ૪૨ભ: કાર્યવાહીની મંજૂરી આપ વા અથવા નકારવા અથવા અપીલ દાખલ કરવા અંગેની કોઈપણ દરખા-સ્ત કાયદા વિભાગ દ્વારા મુખ્ય સચિવ દ્વારા લેફ્ટનન્ટ ગવર્નર સમક્ષ મૂકવામાં આવશે. કેન્દ્રના આ નિર્ણય પર જમ્મુ-કાશ્મીર ના નેતાઓએ આકરી પ્રતિક્રિયા આપી છે. નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લાએ કહ્યું, 'જમ્મુ અને કાશ્મીરમાં ચૂંટણી નજીક હોવાનો આ બીજો સંકેત છે. એટલા માટે જમ્મુ અને કાશ્મીર માટે સંપૂર્ણ, અવિભાજિત રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવા માટે સમયરેખા નિર્ધારિત કરવાની નિશ્ચિત પ્રતિબદ્ધતા આ ચૂંટણીઓ માટેની પૂર્વશરત છે. જમ્મુ અને કાશ્મીર ના લોકો શક્તિવિહીન, રબર સ્ટેમ્પ સીએમ કરતાં વધુ સારી રીતે લાયક છે, જેમને તેના પટાવાળાની નિમણૂક કરવા માટે એલજી પાસે ભીખ માંગવી પડશે.'

૫ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ બંધારણની કલમ ૩૭૦ હેઠળ જમ્મુ-કાશ્મીરને આપવામાં આવેલ વિશેષ દરજ્જો રદ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત અગાઉના રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વહેંચવામાં આવ્યું હતું જેમાં જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખનો સમાવેશ થાય છે. તેમાંથી લદ્દાખમાં એકપણ વિધાનસભા નથી.

## કોંગ્રેસના પૂર્વ મંત્રીની ઈડી દ્વારા ધરપકડ

કર્ણાટક, તા.૧૩

કર્ણાટક વાલ્મિકી કોર્પોરેશન કૌભાંડ કેસમાં ઈડીએ પૂર્વ મંત્રી અને કોંગ્રેસ નેતા બી નાગેન્દ્રની ધરપકડ કરી છે. તેમના પર મહર્ષિ વાલ્મિકી અનુસૂચિત જનજાતિ વિકાસ નિગમ લિમિટેડમાં કથિત અનિયમિતતાઓ સંબંધિત મની લોન્ડરિંગનો આરોપ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ૧૩ કલાકની લાંબી પૂછપરછ બાદ શુક્રવારે રાત્રે ૧૦.૩૦ વાગ્યે કોંગ્રેસ નેતાને કસ્ટડી માં લીધો હતો.સૂત્રોએ જણાવ્યું હતું કે નાગેન્દ્રને શનિવારે પીએમએલએ કોર્ટ માં રજૂ કરવામાં આવે તેવી અપેક્ષા છે, જ્યાં ઈડી વધુ પૂછપરછ માટે કોર્ટ પાસેથી તેના રિમાન્ડની માંગ કરશે. આ પહેલા ગુરુવારે એજન્સીએ આ કેસના સંબંધમાં કર્ણાટક સહિત ચાર રાજ્યોમાં દરોડા પાડ્યા હતા અને ૫૦ લાખ રૂપિયા સહિત કેટલાક દસ્તાવેજો જપ્ત કર્યા હતા.છેલ્લા બે દિવસમાં, ઈઙ્ઘએ નાગેન્દ્ર અને કોપ ર્રેશનના પ્રમુખ, શાસક કોંગ્રેસના ધારાસભ્ય બસનાગૌડા દદ્દલ સહિત અનેક સ્થળોએ સર્ચ હાથ ધર્યુ છે. સૂત્રોએ જણાવ્યું કે કેન્દ્રીય એજન્સીએ કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને મહારાષ્ટ્રમાં લગભગ ૨૦ સ્થળોએ દરોડા પાડ્યા હતા. વાલ્મીકિ કોર્પોરેશનમાં મની લોન્ડરિંગનો મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે કોર્પોરેશનના એકાઉન્ટ સુપરિન્ટેન્ડેન્ટ પી ચંદ્રશેખરન ૨૬ મેના રોજ આત્મહત્યા કરી લીધી. તેણે પોતાના વરિષ્ઠ અધિકારીઓ પર રૂપિયા ૮૭ કરોડની ઉચાપતનો આરોપ લગાવ્યો હતો. આ છેડછાડને કારણે ચંદ્રશેખરને આત્મહત્યા કરતા પહેલા છ પાનાની એક ચિઠ્ઠી લખી અને બે અધિકારીઓને દોષી ઠેરવ્યા. તેમાં જેજી પદ્મનાભ (મેનેજિંગ ડિરેક્ટર) નામના એક અધિકારી અને પરશુરામ (એકાઉન્ટન્ટ) નામના અન્ય અધિકારીનો સમાવેશ થાય છે.ચંદ્રશેખરને તેની સુસાઈડ નોટમાં બેંગલુરુમાં યુનિયન બેંક ઓફ ઈન્ડિયાની શાખાના ચીફ મેનેજર શુચિતાનું નામ પણ આપ્યું હતું.

## રાજ્યમાં કોંગ્રેસ યોજશે ન્યાયયાત્રા

ગાંધીનગર, તા.૧૩

તાજેતરમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ગુજરાતે એક સીટ જીત્યા બાદ કોંગ્રેસ ફરી એકવાર ગુજરાતમાં મજબૂત કમબેક કરવાની તૈયારીમાં છે.

તાજેતરમાં અમદાવાદ કોંગ્રેસ કાર્યાલય પર થયેલા પથ્થરમારા બાદ રાહુલ ગાંધીએ અમદાવાદની મુલાકાત લીધી હતી અને સાથે જ દુર્ઘટનામાં પીડિતોના પરિવારજનો સાથે મુલા-કાત કરી હતી અને તેમને ન્યાય અપાવવાની ખાતરી આપી હતી. ત્યારે ફરી એકવાર રાહુલ ગાંધી ગુજર-ાતની પ્રવાસે આવી રહ્યા છે. આ વખતે ૧ ઓગસ્ટ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન રાજકોટ અગ્નિકાંડ, હરણી બોટકાંડ, મોરબી બ્રિજકાંડ, તક્ષશિલા અગ્નિકાંડ અને ઉના દલિત કાંડ દુર્ઘટના પીડિતોને ન્યાય અપાવવા માટે કોંગ્રેસ દ્વારા ન્યાય યાત્રા કાઢવામાં આવશે. રાહુલ ગાંધીના નેતૃત્વમાં આ ન્યાયયાત્રા નું આયોજન કરવામાં આવ્યું છે. મોરબીથી ન્યાયયાત્રાની શરૂઆત કરવામાં આવશે ત્યારબાદ ટંકારા, રાજકોટ, વિરમગામ, સાણંદ થઈને ૧૫મી ઓગસ્ટે અમદાવાદ પહોંચશે અને ત્યાં ધ્વજવંદનનો કાર્યક્રમ થશે. ત્યારબાદ વાયા વડોદરા થઈને ન્યાયયાત્રા સુરત પહોંચશે. આ દરમિયાન રાહુલ ગાંધી ગુજરાત માં બનેલી વિવિધ દુર્ઘટના ઓમાં ભોગ બનેલા પીડિતોના પરિવારજનો સાથે મુલાકાત કરશે અને ફાસ્ટ ટ્રેકમાં કેસ ચલાવવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવશે. રાજકોટમાં યોજવામાં આવેલી પત્રકાર પરિષદમાં સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજી દેસાઈ અને ગુજરાત કોંગ્રેસ સમિતિના કાર્યકારી અધ્યક્ષ, વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે રાજકોટ અગ્નિકાંડ, હરણી બોટ દુર્ઘટના, તક્ષશિલા અગ્નિકાંડ, ઉના દલિતકાંડ, મોરબી પુલ દુર્ઘટના પીડિતોને ન્યાય અપાવવા માટે આ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ન્યાયયાત્રામાં રાહુલ ગાંધી પણ જોડાશે

## હાઈકોર્ટ લાલઘૂમ ! હવે ટ્રેન અડફેટે મોત થશે તો કડક કાર્યવાહી

**કમિટીની નિમણુંક સહિતના પગલા અંગે તથા અત્યાર સુધી થયેલી કાર્યવાહી અંગે વિસ્તૃત માહિતી અપાઈ પરંતુ હાઈકોર્ટે જવાબદારીની ફેકાફેકી કરતા તમામ વિભાગોને તાકીદ કરી હવે સિંહના મોત ન થાય તે જોવા કહ્યુ સાથે કડક કાર્યવાહી હવે થશે તેવી પણ ટીપ્પણી કરી**

અમદાવાદ, તા.૧૩

ગીરમાં ટ્રેનની અડફેટે સિંહનાં સતત મોતને લઈ અને હાઈકોર્ટની ફટકાર બાદ એસઓપી નક્કી કરવામાં આવી છે. ૨૦૧૫ બાદ રાજ્યમાં એશિયાટિક સિંહ સતત વધી રહ્યા છે.વર્ષ ૨૦૧૫માં સિંહની વસ્તી ૫૨૩ હતી જ્યારે વર્ષ ૨૦૨૦ માં ૬૭૪ થઈ હતી. ૫ વર્ષમાં સિંહની સંખ્યામાં ૨૯% વધારો જ્યારે ૨૦૨૪માં એટલે કે હાલમાં સિંહની સંખ્યા હજુ પણ વધી હોવાનો રાજ્ય સરકારનો હાઈકોર્ટ માં ખુલાસો થયો છે. જ્યારે રેલવે ટ્રેક પર સિંહોના મોત રોકવા ચોક્કસ આયોજન સાથે કમિટીઓનું ગઠન કરવામાં આવ્યું છે.રેન્જ લેવલ કમિટી, ડિવિઝનલ લેવલ રીવ્યુ કમિટી, સર્કલ લેવલ રીવ્યુ કમિટીની રચના કરવામાં આવી છે. રેન્જ લેવલ કમિટીની બેઠક દર મહિનાના પ્રથમ સપ્તાહમાં મળશે.



ડિવિઝનલ લેવલ રીવ્યુ કમિટીની બેઠક હોટસ્પોટ સહિતના વિસ્તારો અને તેના નિર્ણય માટે મળશે. સર્કલ લેવલ રીવ્યુ કમિટીની બેઠક દર ત્રણ મહિને મળશે જેમાં તમામ બાબતે ચર્ચા થશે. જંગલ વિસ્તારમાંથી પસાર થતી ટ્રેનની ઝડપ નક્કી કરવામાં આવી છે.રાજુલા, પીપાવાવ, કેસીયા નેસ, સાસણ ગીર, જૂનાગઢ,બીલખા ટ્રેનની ઝડપ હંમેશા માટે ઘટાડી દેવામાં આવી છે. કાયમી સિવાય કેટલાક હોટસ્પોટ વિસ્તાર પણ નક્કી કરવામાં આવ્યા છે. ટ્રેનોને પણ મહત્તમ ૪૦ કિમીની મંજૂરી આપ વામાં આવી છે.તમામ ટ્રેનોના પાયલટ ને વિશેષ ટ્રેનિંગ આપવામાં આવશે. જો લોકો પાયલટને સિંહ હલચલની જાણ થાય તો તેની જાણ સીધી સ્ટેશન માસ્ટર અને ત્યાંથી વન વિભાગને કરવાની રહેશે. સાથે સમગ્ર જંગલ વિસ્તારમાં ૪૯ સાઈન બોર્ડ મુકવામાં આવ્યા ડીવીઝનલ લેવલ રીવ્યુ કમિટી એ તમામ સ્ટાફની ટ્રેનિંગ પર ધ્યાન આપશે. સમગ્ર જંગલ વિસ્તારમાં ૪૯ સાઈન બોર્ડ મુકવામાં આવ્યા છે, ૨ મહિનામાં સર્વે કરવામાં આવ્યો છે. ૨૩ વોચ ટાવર મૂકવામાં આવ્યા જેનાથી દૂરથી જ સિંહોની હલચલ પર ધ્યાન આપી શકાય. વિશેષ રેલ સેવકની નિમણુક કરવામાં આવશે જેમાં ૭૧ લોકોને તૈયાર કરવામાં આવશે. લાઈટ સાઈનથી લઈને અનેક માહિતીઓ સેવક દ્વારા ટ્રેનને પૂરી પાડવામાં આવશે. આ તમામ બાદ રાજ્ય સરકારના વન વિભાગ અને પશ્ચિમ રેલ વિભાગની બેઠક દર ૬ મહિને મળશે. હાઈકોર્ટે જણાવ્યું કે, જો હવે પણ કોઈ સિંહનાં મોત થયા તો કડક પગલા લેવામાં આવશે. એક બીજા પર ખો નાખતા વન વિભાગ અને રેલ વિભાગની સંયુક્ત જવાબદારી નક્કી કરવામાં આવી છે. ગીર અભયારણ્ય એશિયાટિક સિંહોનું એકમાત્ર રહેણાંક છે. તેને એશિયાના અતિ મહત્ત્વના રક્ષિત વિસ્તાર તરીકે ધ્યાને લેવાયેલ છે. તેમ છતા અહીં સિંહના મોત થઇ રહ્યા છે, જેને લઈને ગુજરાત હાઈકોર્ટ માં સુનાવણી થઇ હતી, જેમા હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી. હાઈકોર્ટે કહ્યું જો કોઈપણ સિંહના મોત થશે તો હવે કડક પગલા લેવાશે.

## ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલનો ફરી હુમલો, ૭૧ લોકોનાં મોત

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધ ચાલુ છે. આ દરમિયાન શુક્રવારે ગાઝામાં ૭૦થી વધુ પેલેસ્ટિનિયન માર્યા ગયા હતા. આ ઘટનાને લઈને હમાસના એક અધિકારીએ ઈઝરાયેલ પર વ્યવસ્થિત રીતે લોકોની હત્યા કરવાનો આરોપ લગાવ્યો છે. હમાસની સરકારી મીડિયા ઓફિસના ડાયરેક્ટર જનરલ ઇસ્માઇલ અલ-થબ્તાએ દાવો કર્યો હતો કે ઇઝરાયલી દળોએ પૂર્વ ગાઝા શહેરમાં હજારો પેલેસ્ટિનિયનોને પશ્ચિમ અને દક્ષિણ પડોશમાં નિર્દેશિત કર્યા હતા અને તેઓ પહોંચ્યા ત્યારે તેમના પર ગોળીબાર કર્યો હતો.

ઈસ્માઈલ અલ-થવાબ્તાએ જણાવ્યું હતું કે બચાવકર્તાઓએ તાલ અલ-હવા વિસ્તારમાંથી ૭૦ મૃતદેહો બહાર કાઢ્યા છે અને ઓછામાં ઓછા ૫૦ લોકો ગુમ છે. કેટલાક વિસ્થાપિત લોકો સફેદ ઝંડા સાથે ઈઝરાયલી સેના તરફ ઈશારો કરીને કહી રહ્યા હતા કે અમે લડવૈયા નથી, અમે વિસ્થાપિત છીએ. અલ-થબ્તાએ કહ્યું કે ઈઝરાયલી દળોએ આ વિસ્થાપિત લોકોને નિર્દયતાથી મારી નાખ્યા. મીડિયા રિપ ોર્ટ્સ અનુસાર, આ ઘટનામાં મૃતકોની સંખ્યા ૭૦થી વધુ હોવાનું કહેવાય છે, જ્યારે અન્ય ઘણા લોકો ઘાયલ થયા છે. યુએનના પ્રવક્તા સ્ટેફન દુજારિકે ગાઝા શહેરમાં મૃતદેહોની શોધની નિંદા કરી, તેને ચાલુ સંઘર્ષમાં નાગરિકોના મૃત્યુનું બીજું દુઃખદ ઉદાહરણ ગણાવ્યું. તેમણે કહ્યું કે આ ઘટના વિનાશક ઘટનાઓની શ્રેણીમાં જોડાઈ છે જેણે ગાઝામાં જાન-માલનું મોટું નુકસાન કર્યું છે અને લોકો વિસ્થાપિત થયા છે. સંયુક્ત રાષ્ટ્રએ તમામ બંધકોને તાત્કાલિક, બિનશરતી મુક્ત કરવાની હાકલ કરી છે. દુજારિ-કે કહ્યું કે જ્યારે આ સંઘર્ષ ચાલી રહ્યો છે, ત્યારે લોકોને તેઓને જરૂરી તબીબી સહાય, તેઓને જરૂરી ખોરાક, આશ્રય, પણ એક ગૌરવપૂર્ણ અંતિમ સંસ્કાર આપવાનું અશક્ય છે.

## આજનું રાશિફળ

**મેષ :**
આજના દિવસે ઘરની બહારની પ્રવૃત્તિઓ તમને થકવનારી તથા તાણયુક્ત હશે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશો દૂરના સ્થળેથી કોઈ સંબંધી તમારો સંપર્ક કરી શકે છે. પ્રેમ એ ઈન્દ્રિઓની મર્યાદા બહારની બાબત છે, પણ આજે તમારી ઈન્દ્રિઓ પ્રેમના અતિઆનંદની અનુભૂતિ કરશે. એવા ઉતાવળા નિર્ણય લેતા નહીં, જેનાથી જીવનમાં આગળ જતાં તમને તેના વિશે અફસોસ થાય. આજે તમે એ જાણશો કે લગ્ન સ્વર્ગમાં રચાતા હોવાનું શા માટે કહેવાય છે. તમે આજે માતા સાથે સારો સમય પસાર કરી શકો છો.

**વૃષભ :**
આજે ખુશ થાવ કેમ કે સારો સમય આવી રહ્યો છે અને તમારામાં વધારાની ઊર્જાનો સંચાર થશે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો। તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. આજે તમને જાણ થશે કે તમારા સાથીનો પ્રેમ તમારી માટે સદાય ઊંડી ભાવના ધરાવતી લાગણી છે. આજે તમને તમારો દિવસ કોઈ પણ સ્થળે શાંતિ મળે તે સ્થળે બધા સંબંધો અને સંબંધીઓ થી દૂર રહેવા નું ગમશે. જીવન તમને આશ્ચર્યો આપતું રહે છે, પણ આજે તમે તમારા જીવનસાથીની અદભુત બાજુ જોઈને આશ્ચર્યચકિત થઈ જશો.

**મિથુન :**
આજના દિવસે ખૂલ્લામાં પડ્યું હોય એવું ખાણું ખાતા નહીં કેમ કે તેનાથી તમે માંદા પડી શકો છો. તમારૂં અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. તમારા દિવસનું આયોજન સંભાળપૂર્વક કરજો-મદદ લેવા માટે જેમના પર તમે વિશ્વાસ મુકી શકતા હો એવા લોકો સાથે વાત કરો. પ્રેમનું સંગીત એને જ સંભળાય છે જેઓ તેમાં સતત ખોવાયેલા રહે છે. આજે તમને આ સંગીત સાંભળવા મળશે, જે તમને વિશ્વના તમામ ગીતો ભુલાવી દેશે. તમને જો કોઈ દલીલબાજીમાં ખેંચવામાં આવે તો કોઈ કઠોર ટીકા કે ટિપ્પણી તમે ન કરો એની સાવચેતી રાખજો. આજે તમારૂં લગ્નજીવન સુંદર વળાંક લેશે.

**કર્ક :**
આજે સ્વયં-સુધારણાના પ્રકલ્પો એક કરતાં વધારે રીતે ફાયદાકારક ઠરશે-તમને તમારી જાત માટે સારૂં લાગશે તથા તમારો આત્મવિશ્વાસ પણ વધશે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. આજે એકાએક રૉમેન્ટિક મેળાપની આગાહી છે. દિવસ સારો છે; અન્યની સાથે તમે તમારા માટે પણ સમય કાઢવા માં સમર્થ હશો. આજે તમે તમારા જીવનસાથી સાથે તમારી કિશોરાવસ્થામાં જશો અને એ નિર્દોષ મસ્તીને યાદ કરશો તથા તેને ફરી માણશો.

**સિંહ :**
આજના દિવસે ઘરનું ટૅન્શન તમને ગુસ્સે કરશે. તેને દબાવવાથી શારીરિક સમસ્યા વધશે. શારીરિક પ્રવૃત્તિ દ્વારા તેનાથી છૂટકારો મેળવો. હેચેન કરનારી પરિસ્થિતિને છોડી દેવી જ બહેતર છે. આજ ના દિવસે ભૂલી ને પણ કોઈ ને પૈસા ઉધાર ના આપો અને જો આપવું જરૂરી હોય તો પૈસા આપતી સમયે સામેવાળા થી લખાણ લ્યો કે તે ક્યારે પૈસા પાછા આપશો તાણભર્યો સમય પ્રર્વતશે પણ પરિવારનો સહકાર તમને મદદ કરશે. તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે-કેમ કે તમારૂં પ્રિયપાત્ર તમને અસીમ પ્રેમ આપે એવી શક્યતા છે. આજે તમે તમારા પ્રેમી સાથે સમય પસાર કરી શકશો અને તમારી ભાવનાઓ ને તેની સામે રાખી શકશો. તમારા જીવનસાથી આજ પૂર્વે આટલા અદભુત ક્યારેય નહોતા.

**કન્યા :**
આજે તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કેલૅરીયુક્ત આહાર ટાળો. આખા દિવસ માં ભલે તમે ધન માટે સંઘર્ષ કર્યા હોય પરંતુ સાંજ ની સમયે તમને ધન લાભ થયી શકે છે. નિકટનું સ્વજન વધુ ધ્યાન માગી શકે છે, જો કે આ બાબત મદદરૂપ અને તમારી દરકાર કરનારૂં પુરવાર થશે. પ્રેમ પ્રવાસ મધુર પણ ટૂંકી આવરદાનો. જ્યારે તમને લાગે કે તમારી પાસે તમારા પરિવારના સભ્યો અથવા તમારા મિત્રો માટે સમય નથી, તો તમે પરેશાન થશો. આજે પણ તમારી માનસિક સ્થિતિ સમાન રહી શકે છે. તમારા અને તમારા જીવનસાથી વચ્ચે કોઈ બહારની વ્યક્તિ મતભેદ સર્જવાનો પ્રયાસ કરશે, પણ તમે બંને આ પ્રયાસને સંભાળી લેશો.

**તુલા :**
આજના દિવસે બાળકો સાથે રમવાથી તમને દર્દ દૂર કરનાર અદભુત અનુભવ થશે. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. ભૂતકાળમાં તમારા પ્રિય પાત્રએ દાખવેલી ઉદાસીનતા માટે માફી આપી તમે તમારા જીવનને વધુ લાયક બનાલશો. આજે તમે આખો દિવસ ખાલી રહી શકો છો અને ટીવી પર ઘણી મૂવીઝ અને પ્રોગ્રામ જોઈ શકો છો. બધા જ ઝઘડા અને ગેરસમજ બાજુ પર મુકી તમારા જીવનસાથી તમને પ્રેમથી આલિંગન આપશે ત્યારે જીવન ખરેખર ઉત્સાહથી સભર હોવાનું તમને વાગશે. જો તમે તમારો કિંમતી સમય બિનજરૂરી રીતે બગાડો નહીં, તો તે તમારા માટે સારું રહેશે.

**વૃશ્ચિક :**
આજે સવારથીજ તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. મનોરંજન અથવા કૉસ્મૅટિક્સ સુધારા પાછળ વધુ પડતો ખર્ચ કરતા નહીં. આજે પૈસા અંગે પરિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે. પૈસા ની બાબત માં તમારે પરિવાર ના બધા સભ્યો ને સ્પષ્ટ રહેવા ની સલાહ આપવી જોઈએ. પ્રેમમાં નિરાશા તમને નાસીપાસ કરશે. ઉદ્યોગપતિઓ આજે ધંધા કરતાં તેમના પરિવાર ના સભ્યો સાથે વધુ સમય વિતાવવા માંગશે. આ તમારા પરિવાર માં સુમેળ પેદા કરશે. આજે તમે તમારા જીવનસાથીની વાતનો ખોટો અર્થ લેશો, જે તમને આખો દિવસ વિચલિત રાખશે. તમારા પ્રિયજનો સાથે મૂવી જોવી એ ખૂબ સરસ અને મનોરંજક છે.

**ધન :**
આજના દિવસે બિનજરૂરી વિચારોને તમારા મગજમાં સ્થાન જમાવવા ના દો. શાંત તથા તાણમુક્ત રહેવાનો પ્રયાસ કરો, એ તમને માનસિક દૃઢતા બક્ષશે. વગર આમંત્રિત મહેમાન આજે ઘરે આવી શકે છે પરંતુ આ મહેમાન ના લીધે તમને આર્થિક લાભ થઈ શકે છે. બાળકો તથા તમારાથી ઓછો અનુભવ ધરાવતા લોકો સાથ તમારે ધીરજથી કામ લેવું પડશે. પોતાના પ્રિયપાત્ર સાથે નાનકડું વૅકેશન માણી રહેલાઓ માટે આ સમયગાળો ખાસ્સો યાદગાર બની રહેશે. તમારા વડે આજ ના દિવસ માં એવા કામ કરવા માં આવશે જેના વિષે તમે ઘણી વાર વિચારો છો પરંતુ કરવા માટે અસમર્થ હતા. આજે તમે તમારા જીવનસાથી સાથે તમારા જીવનનો શ્રેષ્ઠતમ સમય વ્યતીત કરશો.

**મકર :**
આજે તમારિ રાશિના કેટલાક લોકોને જિંદગી માટે મહત્વના નિર્ણયો લેવાની ફરજ પડશે જે તમને તાણગ્રસ્ત અને ઉદ્વીગ્ન કરી મુકશે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુ:ખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે. તમારી લવ સ્ટોરી આજે નવો વળાંક લઈ શકે છે, તમારો જીવનસાથી આજે તમારી સાથે લગ્ન વિશે વાત કરી શકે છે. આ કિસ્સા માં, તમારે કોઈ નિર્ણય લેતા પહેલા વિચાર કરવો જ જોઈએ. આજ ના સમય માં તમારા માટે સમય શોધવો ખૂબ મુશ્કેલ છે.

**કુંભ :**
આજે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તબિયત સારી ન હોય એવા સંબંધીની મુલાકાત લેજો. આજે તમે અને તમારૂં પ્રિયપાત્ર પ્રેમના સમુદ્રમાં ડૂબકી લગાડશો અને પ્રેમની ઉચ્ચતમ બાજુ અનુભવશો. જિંદગી ની ચાલતી ભાગદોડ માં આજે તમને પોતાના માટે સમય મળશે અને તમે પોતાના પસંદગી ના કામો કરવા માં સક્ષમ હશો. આજે તમને વિશ્વમાં સૌથી પૈસાદાર હોવાની અનુભૂતિ થશે, કેમ કે તમારા જીવનસાથી તમારી સાથે એવું વર્તન કરશે.

**મીન :**
આજના દિવસે તમે જીવન પ્રત્યેનો ગંભીર અભિગમ ટાળો. તમારી જાતને મોટા ગ્રુપ સાથે સાંકળવાની પ્રવૃત્તિ ખૂબ જ મનોરંજક સાબિત થશે- પણ તમારો ખર્ચ ખાસ્સો વધી જશે. તમારા માતા-પિતાનું સ્વાસ્થ્ય વધુ ધ્યાન તથા દરકાર માગશે. પ્રેમમાં ઉતાવળિયું પગલું લેવાનું ટાળવું. પ્રવાસ તરત કોઈ પરિણામ નહીં લાવે પણ ભાવિ લાભ માટે તે સારો પાયો ચણશે. તમારા જીવનસાથીના કારણે તમને આજે નુકસાન થઈ શકે છે. આજે રાત્રે તમે કોઈ ને કહ્યા વિના ઘર ની બહાર જઇ શકો છો કારણ કે તમારા મન માં કંઇક મૂંઝવણ રહેશે અને તમે સમાધાન શોધી શકશો નહીં.

**૧૦૦૦ પગથિયા ધરાવતા આ પર્વત પર હાલ લીલીછમ હરિયાળી ચાદર પથરાઈ છે**

**લોક વાયકા મુજબ દાદા ધોરમનાથે ધીણોધર ડુંગર પર ઉંધા માથે વર્ષો સુધી તપસ્યા કરી હતી**



# વરસાદ બાદ નખત્રાણા તાલુકાનો ધીણોધર ડુંગર સોળે કળાએ ખીલી ઉઠયો

આણંદપર(યક્ષ)તા.૧૩
ધીણોધર ડુંગરને જોતા જ આંખ ઠરે, લીલીછમ હરિયાળી ચાદર છવાઈ છે, તાજેતરના સારા વરસાદ બાદ ડુંગરની શોભામાં અનોખો નિખાર જોવા મળી રહ્યો છે. આ ધીણોધર સમુદ્ર સપાટીથી ૩૮૬ મીટર જેટલી ઉંચાઇ ધરાવે છે, ૧૦૦૦ જેટલા પગથીયાં ધરાવતા ધીણોધર પર્વત પર હાલ લીલીછમ હરિયાળી ચાદર પથરાઈ જવાના કારણે પ્રાકૃતિક સૌંદર્યમાં ખૂબ જ વાધારો જોવા મળી રહ્યો છે. ધીણોધર વન્ય અને જીવ સંપત્તિઓ ઉપરાંત પર્વતારોહકો માટે માનીતું સ્થળ છે. નખત્રાણાથી વીસેક કિલોમીટર અરલ ગામ પાસે આવેલ આ પ્રસિદ્ધ સ્થળ ધાર્મિક રીતે પણ ખૂબ જ જાણીતું છે, પ્રકૃત્તિ અને પરમેશ્વરનો સંગાથ એટલે ધીણોધર તળેટી થી માંડીને ઠેઠ ઉપર સુધી... ધાર્મિક, પુરાતન, પ્રકૃતિનો સમન્વય એટલે ધીણોધર, સ્થાનિકમાં ધીણોધરનો અર્થ થાય છે ધીરજ ધરનાર. આધ્યાત્મિકતાની દષ્ટિએ યોગી, સાધુ, સંતોએ પોતાની સાધના માટે આ પવિત્ર ભૂમિ પસંદ કરેલ છે, અહીં દાદા ધોરમનાથની જગ્યા ધીણોધાર-થાન તરીકે જગ વિખ્યાત છે. લોક વાયકા મુજબ દાદા ધોરમનાથે ધીણોધર ડુંગર પર ઉંધા માથે વર્ષો સુધી તપસ્યા કરી હતી, લોકવાયકા પ્રમાણે દાદા ધોરમનાથે તપસ્યા પૂરી કરી ત્યારે તેમની આંખોમાં તેજ એટલુ બધું હતું કે તેમણે ઉત્તર બાજુ આવેલ દરિયા તરફ દ્રષ્ટિ કરતા દરિયાનું પાણી સુકાઇ ગયું હતું અને રણ બની ગયું હતું !! આ ધીણોધર એક સુષુપ્ત જવાળામુખી પર્વત છે, તેના કંદરામાં ફરવાથી આ પર્વત જવાળામુખી છે, તેની સાબિતીના અવશેષો મળે છે. ધીણોધરની ટેકરી ઉપરથી જોતાં કચ્છના રણ અને છારી ઢંઢના રણનું સુંદર દ્રશ્ય જોવા મળે છે, ખાસ કરીને વરસાદ પછી આ દ્રશ્ય ખૂબ રમણીય લાગે છે, આ ક્ષેત્રમાં ઘણી વન્ય અને જીવ સંપત્તિ આવેલી છે, પર્વતારોહકો માટે આ માનીતું સ્થળ છે,ઘણા વર્ષોથી દર વરસે આ ડુંગર પર પર્વતારોહણ સ્પર્ધા પણ યોજાય છે, ડુંગરની ગીરી માળામાં ટ્રેકીંગનો આનંદ લઇ શકાય છે.

ચોમાસામાં સારા વરસાદ બાદ ચારે તરફ હરિયાળી છવાઈ જાય છે અને ઝરણાં વહે છે, જે માણવા માટે ઘણા લોકો અહીં આવે છે, કેટલાક લોકો સવારના ભાગે ડુંગર પર ચડે, બપોરનું ભોજન ઉપર જમે અને સાંજના ભાગે નીચે ઉતરતા હોય છે, આમ આખો દિવસ કુદરતની મોજ માણતા હોય છે, જોકે હાલ પ્રવાસીઓ માટે તળેટીમાં સારી એવી સુવિધાઓ ઉભી કરવામાં આવી છે.

# અનેક લોકો પડ્યા પછી થયુ : ખાડો પુરીએ





ભુજ તા.૧૩
ભુજ નગરપાલિકાના કામોથી લોકોની સુખાકારીમાં વધારો ઓછો અને મુશ્કેલી વધુ થાય છે. આવુ અનેકવાર જોવા મળ્યુ છે. ત્યારે આવીજ એક સમસ્યા સોસીયલ મિડીયામાં વાયરલ થયા બાદ તંત્રને થયુ કે લાવને ખાડો પુરી નાંખીએ વાત જાણે એમ છે કે શહેરના અનમરીંગ રોડથી વોકળા તરફ જતા રસ્તે પેવર બ્લોકનુ કામ કરાયુ હતુ પરંતુ બાદમાં તેમાંથી કેટલાક પથ્થરો નિકળી જતા ખાડો પડી ગયો હતો જેમાં તાજેતરમા પડેલા વરસાદમાં પાણી ભરાયા હતા અન સાથે અનેક વાહનો ફસાયા અને કેટલાક તો ખાડાના કારણે પડી પણ ગયા હતા. આજે સોસીયલ મિડીયામાં આ ધટનાના સીસી ટીવી વિડીયો વાયરલ થયા હતા જેમાં અનેક લોકો પડતા દેખાય છે. ત્યારે સ્થાનીકથી લઇ પ્રાદેશીક ચેનલોમા આ સમાચાર પ્રકાશિત થયા બાદ નગરપાલિકા તંત્ર સફાળુ જાગ્યુ હતુ અને યુધ્ધના ધોરણે આ ખાડો પુરવાનુ કામ કર્યુ હતુ. જો કે સારુ થયુ કે વધુ વરસાદ પહેલા આ વિડીયો વાયરલ થયા નહી તો હજુ કેટલાય લોકો આ ખાડા માં ભોગ બનત અગાઉ પણ આ વિસ્તારમાં ગટર,ખરાબ રસ્તાની સમસ્યાને લઇને લોકોએ પાલિકા કચેરીમા મોરચો માંડ્યો હતો પરંતુ બાદમાં ભાજપના મોટા નેતાઓએ અંગત રસ લઇ લોકોના વિરોધને શાંત કર્યો હતો જો કે પેવર બ્લોકના વિકાસનો લાભ લોકોને કેટલો મળ્યો એ તો ખબર નથી પરંતુ પેવર બ્લોક ઉખડી ગયા બાદ પડેલા ખાડાથી મુશ્કેલી અનેકને થઇ. જો કે ભુજમાં થોડા વરસાદ બાદ આવા અનેક ખાડાઓ પડ્યા છે. જે મુશ્કેલી સર્જે તે પહેલા કામ કરાય તે જરૂરી છે.

# રવાપર ગામે પાણીની સમસ્યા દૂર કરવા અટલ ભુજળ યોજના હેઠળ બોર બન્યો



ભુજ તા.૧૩
નખત્રાણા તાલુકાના રવાપર ખાતે આસપાસના બોર અને કુવા રીચાર્જ સહિત ગામને વારંવાર પડતી પાણીની સમસ્યા દૂર કરવા ક્રેસીંગ બોર અટલ ભુજળ યોજના હેઠળ કામ મંજુર થતાં ગામના સરપંચ સહિત તમામ સભ્યો દ્વારા તળાવની પાળ પાસે પૂજન અર્ચનથી બોર બનાવવાના કામનો પ્રારંભ કરાવ્યો હતો, છાશવારે સર્જાતી પાણીની સમસ્યા આ બોરના પાણીથી દૂર કરવા પ્રયાસ કરાશે, આ બોરવેલ ગામ માટે આશીર્વાદરૂપ પુરવાર થશે. સરપંચ પરેશ રૂપારેલ ના હસ્તે પૂજન વિધી બાદ ક્રેસિંગ બોરની શરૂઆત કરાઈ હતી, આ પ્રસંગે ઉપસરપંચ મામદ કુંભાર, ન્યાય સમિતિના જેઠાલાલ જાદવ, પંચાયત સભ્યો વિનોદ સોની, અબ્દુલ ચાકી, ઓસમાણ કુંભાર, અબ્દુલ ચાકી, ત્રિકમલાલ જોષી, ગામના દરેક સમાજના આગેવાનો મહેશ વાસાણી, જીવરાજ પોકાર, ધરમશી રંગાણી, પ્રકાશ જોષી, અલારખા ભટ્ટી, વેલુભા ગોહિલ, વગેરે સહિત અટલ ભૂજળ યોજનાના અધિકારીઓ, કર્મચારીઓ જોડાયા હતા, પંચાયતના તલાટી તથા મંત્રીએ સહકાર બદલ સૌનો આભાર માન્યો હતો.

બીજા વર્ષમા મંગળ પ્રવેશે હાર્દિક શુભેચ્છા

આજના ઝડપી સમાચારોના યુગ સાથે તાલમેલ મેળવી ન્યૂઝ 4 કચ્છ દૈનિક સમાચાર પત્ર એ અખબાર સાથે વેબસાઇટ તેમ જ વીડિયો ન્યૂઝ ના માધ્યમથી એક વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ હાર્દિક શુભેચ્છાઓ. કચ્છ અને કચ્છ બહાર રહેતા કચ્છીઓ સુધી પહોંચેલ આ માધ્યમ કચ્છના પ્રશ્નો ને હજી પણ વધુ વાચા આપે એવી શુભેચ્છા

1 YEAR 1 YEAR



સુરેશભાઈ છાંગા
ઉપસરપંચ, કુનરીયા ગ્રામ પંચાયત

ન્યુઝ4કચ્છ 'વાત કચ્છીયતની'

બીજા વર્ષમા મંગળ પ્રવેશે હાર્દિક શુભેચ્છા

આજના ઝડપી સમાચારોના યુગ સાથે તાલમેલ મેળવી ન્યૂઝ 4 કચ્છ દૈનિક સમાચાર પત્ર એ અખબાર સાથે વેબસાઇટ તેમ જ વીડિયો ન્યૂઝ ના માધ્યમથી એક વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ હાર્દિક શુભેચ્છાઓ. કચ્છ અને કચ્છ બહાર રહેતા કચ્છીઓ સુધી પહોંચેલ આ માધ્યમ કચ્છના પ્રશ્નો ને હજી પણ વધુ વાચા આપે એવી શુભેચ્છા

1 YEAR 1 YEAR



યોગી દેવનાથ બાપુ
મહંત એકલધામ મંદિર,રાપર

ન્યુઝ4કચ્છ 'વાત કચ્છીયતની'

# અંજાર તાલુકાના ભૂકંપપીડિત નવાગામના ૩૦૫ લાભાર્થીઓ સનદથી વંચિત

**સનદ ઉપર સહી કોણ કરે ? તે મુદે ફેંકા ફેંકી કરતા અંજાર તાલુકા પંચાયતના (બે)જવાબદાર અધિકારીઓ**

ભુજ તા.૧૩
અંજાર તાલુકાના નવાગામના ૩૦૫ જેટલા લાભાર્થીઓને ભૂકંપ સમયે સંસ્થાએ

મકાન બનાવી આપેલ, આવા લાભાર્થીઓને સરકાર તરફથી સનદો આપવાનું નક્કી કરેલ, જે અનુસંધાને અંજાર તાલુકાના વિસ્તરણ અધિકારી દિલસાનબેન ખોજા ફરજ ઉપર હતા ત્યારે ૧૪૨ લાભાર્થીઓની સનદો ઉપર સહી કરેલ, તેમની બદલી થઈ જતાં બાકીની ૧૬૩ જેટલી સનદો ઉપર સહીઓ કરવાની બાકી છે જેના કારણે નવાગામના લાભાર્થીઓને સનદો અપાતી નથી.

આ બાબતે જિલ્લા વિકાસ અધિકારીને પત્ર પાઠવી પૂર્વ વિપક્ષી નેતા વી.કે.હુંબલે જણાવ્યું હતું કે, અંજાર તાલુકા પંચાયતમાં સનદો ઉપર સહીઓ કોણ કરે તે મુદ્દો બન્યો છે, આ બાબતે અંજાર તાલુકા પંચાયતના હાલના વિસ્તરણ અધિકારીને રજૂઆત કરતા તેમણે એવું જણાવેલ કે

અગાઉના વિસ્તરણ અધિકારીના સમયમાં સનદોમાં સહીઓ બાકી છે, તો સહીઓ તેઓ જ કરશે. જ્યારે ત્તાલુકા વિકાસ અધિકારી

અંજારને મળતાં એમનું કહેવું હતું કે, વિસ્તરણ અધિકારીની બદલી થઈ ગયેલ છે તો હું તેમને કઈ રીતે આદેશ કરી શકું ? વહીવટી તંત્રના આ વિચિત્ર વલણથી લાભાર્થીઓ સનદથી વંચિત રહી ગયા છે.

સનદો ઉપર સહી કોણ કરે એ જીલ્લા-તાલુકા પંચાયતનો વિષય છે, જેથી આ બાબતે આપની બદલી થઇ ગયેલ વિસ્તરણ અધિકારી દિલસાનબેન ખોજાને સનદો ઉપર સહી કરવાનો આદેશ કરવા શ્રી હુંબલે જિલ્લા વિકાસ અધિકારીને અનુરોધ કરી આ સનદો દિવસ-૭ માં લાભાર્થીઓને મળી જાય તેવી વ્યવસ્થા કરવા માંગ કરી હતી.

નવાગામના તલાટીને રજૂઆત કરતા તેમને જણાવેલ છે કે ૧૪૨ લાભાર્થીઓની સનદો સહીઓ કરેલી છે, પરંતુ તમામ સનદો ઉપર સહી થઈ જાય તો હું વિતરણ કરી આપું.

તંત્રની ઘોર બેદરકારીના કારણે આજે પણ ભૂકંપ પીડીત લાભાથી-ઓ પીડાઈ રહ્યા છે તે હકીક્તે જિલ્લા વિકાસ અધિકારી હવે ક્યારે ન્યાય અપાવે છે જોવું રહ્યું.

જે તે સમયમાં સરકારમાં વી. કે. હુંબલની રજૂઆતના કારણે ૨૦,૦૦૦ જેટલા ભૂકંપ પીડિતોને સનદો આપવાનો નિર્ણય લેવાયો હતો.

કચ્છના ઝડપથી વિકસતા
ન્યુઝ4કચ્છ 'વાત કચ્છીયતની'
દૈનિક અખબારમાં આપની આસપાસ બનતા બનાવો, સામાજિક, રાજકિય કે શૈક્ષણિક આયોજનોના સમાચાર તથા આપની જાહેરખબર આપવા આજે જ સંપર્ક કરો.
+91 9687605569
૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ (કચ્છ)
EMAIL: NEWS4KUTCHINFO@GMAIL.COM
SOCIAL MEDIA FOLLOW US : NEWS4KUTCH

# મુન્દ્રામા તેજસ્વી તારલાઓનુ વિશેષ સન્માન



ભુજ તા.૧૩
મુન્દ્રામાં અષાઢી બીજના સરસ્વતી સન્માનમાં ૧૨૫ વિદ્યાર્થીઓને ઇનામ વિતરણ કરવામાં આવ્યુ હતુ સ્વ નરસિંહ દામજી ચેરીટેબલ ટ્રસ્ટ તરફ થી આપવામાં આવ્યા હતા સમૂહ પ્રસાદના દાતા સ્વ ભાઈલાલ નારાણજી ચોથાણી ગ્રુપ તરફથી રાખવામાં આવ્યુ હતુ મુન્દ્રા પાટીદાર સમાજવાડી ખાતે આયોજીત કાર્યક્રમમાં કચ્છભરમાંથી મહાનુભાવો હાજર રહ્યા હતા૦ જિલ્લા પ્રમુખ સુરેશ ઠક્કર, ઉપપ્રમુખ નીતિન ઠક્કર ઉપપ્રમુખ તુષાર આઈયા મંત્રી કિશોર ચોથાણી આદિપુર મહાજનના પ્રમુખ અશોક કારીયા અંજાર મહાજનના પ્રમુખ પિન્ટુ ચંદે અંજારના માજી મંત્રી મહેન્દ્ર ઠક્કર ભચાઉ મહાજનના પ્રમુખ હર્ષદ કાથરાણી કચ્છ સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા તો ખાસ અંજાર રામ મંદિરના મહંત કિર્તીદાશજી આશીર્વાદ પ્રવચન આપવા ઉપસ્થિત રહ્યા હતા ઉપપ્રમુખ હરેશ પીપરાણી મંત્રી અમુલ ચોથાણી ખજાનચી હર્ષદ અનમ યોગેશ પીપરાણી, મયુર કોટક વિમલ જોબનપુત્રા, રાજુ સત્યમ, રાજેન્દ્ર ચોથાણી, મહિલા મંડળના પ્રમુખ વૈશાલીબેન તથા કિંજલબેન યુવક મંડળના પ્રમુખ વિવેક ગણાત્રા હાજર રહ્યા હતા અને ખાસ કરીને વિશેષ સિધ્ધી મેળવનાર વિદ્યાર્થીઓનુ સન્માન કરવામાં આવ્યુ હતુ.

બીજા વર્ષમા મંગળ પ્રવેશે
હાર્દિક શુભેચ્છા



આજના ઝડપી સમાચારોના યુગ સાથે તાલમેલ મેળવી ન્યૂઝ 4 કચ્છ દૈનિક સમાચાર પત્ર એ અખબાર સાથે વેબસાઈટ તેમ જ વીડિયો ન્યૂઝ ના માધ્યમથી એક વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ હાર્દિક શુભેચ્છાઓ. કચ્છ અને કચ્છ બહાર રહેતા કચ્છીઓ સુધી પહોંચેલ આ માધ્યમ કચ્છના પ્રશ્નો ને હજી પણ વધુ વાચા આપે એવી શુભેચ્છા

આદમભાઇ.બી.ચાકી
મહામંત્રી ગુજરાત પ્રદેશ કોગ્રેસ સમિતી

ન્યુઝ4કચ્છ 'વાત કચ્છીયતની'


# FILMY ગપશપ

## ‘ડેવિલ વેર્સ પ્રાડા’ની સીક્વલનું કામ શરૂ થઈ ગયું

### અઢાર વર્ષે ફરી મિરાન્ડા પ્રિસ્ટ્લી અને એમિલી બ્લન્ટની ટક્કર જોવા મળશે

મુંબઈ, તા.૧૩

૨૦૦૬માં આવેલી ફેશન મેગેઝિનની ઓફિસ અને ફેશનની દુનિયાની ઝલક આપતી એક એડિટર અને એમ્પલોય વચ્ચેની સ્ટોરી દર્શાવતી ફિલ્મ ‘ડેવિલ વેર્સ પ્રાડા’ એક કલ્ટ ફિલ્મ ગણાય છે અને તેનો અલગ જ ફેન બેઝ છે. થોડાં વખત પહેલાં સ્ક્રીન એક્ટર્સ ગિલ્ડ એવોર્ડ્ઝમાં આ ફિલ્મની કાસ્ટનું રીયુનિયન થયું હતું. જેમાં એમિલિ બ્લન્ટ અને એન હેથવે વચ્ચે એક્ટર ઓન એક્ટર ડિસ્કશન થયું પછી તેના ફેન્સ સતત આ ફિલ્મની સીક્વલની માંગ કરતાં રહ્યાં હતાં. હવે એવા અહેવાલો આવી રહ્યા છે કે આ ફિલ્મની સિક્વલ પર કામ શરૂ થઈ ચૂક્યું છે. જેમાં મેરિલ સ્ટ્રીપ ફરી મિરાન્ડા પ્રિસ્ટ્લી તરીકે જોવા મળશે. આ એહેવાલો મુજબ, ડેવિડ ફ્રેન્કેલની પહેલી ફિલ્મના લેખક એલિન બ્રોશ મેકેના સાથે સીક્વલ લખવાની વાટાઘાટો ચાલે છે. આ ફિલ્મની સ્ટોરી પણ સતત સંઘર્ષ વચ્ચે પરંપરાગત પ્રિન્ટ મેગેઝિનના બિઝનેસને ટકાવી રાખતી મિરાન્ડા, જાણીતા ફેશન મેગેજીન રનઅવેની એડિટર સાથે જ આગળ વધશે. તેનો મુકાબલો તેની એક વખતની આસિસ્ટન્ટ એમિલી બ્લન્ટના પાત્ર એમિલી ચાર્લ્ટન, જે હવે એક લક્ઝરી ગ્રૂપની સિનીયર એક્ઝિક્યુટિવ બની ગઈ છે, તેની સાથે થશે. મિરાન્ડાને મેગેઝિન ટકાવી રાખવા જાહેર ખબરોની જરૂર છે, પરંતુ શું આ મુશ્કેલ સમયમાં એમિલિ તેની સાથે કામ કરીને તેને મદદ કરશે? આ વાર્તા સાથે આ વખતે ફરી મેરિલ અને એમિલી સિક્વલમાં એક સાથે આવે તેવી પ્રબળ શક્યતાઓ છે. જોકે હજુ એન હેથવે, જેણે મેરિલની બીજી આસિસ્ટન્ટ એન્ડ્રીયા સેશનો રોલ કરેલો તે પણ ફિલ્મમાં જોવા મળશે કે નહીં તે અંગે કઈ કન્ફર્મેશન આવ્યું નથી. આ ફિલ્મ લોરેન વેઈસબર્જરની આ જ નામની નવલકથા પર આધારિત હતી, જેમાં ફેશન મેગેઝિનમાં કામ કરતી યુવતીઓ મુશ્કેલીભરી સફરની વાત કરવામાં આવી હતી. લોરેનના અંગત અનુભવ મુજબ મિરાન્ડા પ્રિસ્ટ્લીનું પાત્ર વોગ મેગેઝિનની એડિટર એના વિન્ટોરથી પ્રેરિત હતું. આ ફિલ્મે ૩૨૬.૭ મિલિયનની કમાણી કરી હતી. તેમજ આ ફિલ્મના કારણે મેરિલને બેસ્ટ એક્ટ્રેસ ઈન કોમેડી કેટેગરીનો ગોલ્ડન ગ્લોબ એવોર્ડ મળ્યો હતો, તેમજ ઓસ્કારમાં નોમિનેશન મળ્યું હતું. આ ફિલ્મની કોશ્ચ્યુમ ડિઝાઈનર પેટ્રિશિયા ફિલ્ડને પણ એકેડેમી એવોર્ડ મળ્યો હતો.





## સોનાક્ષી-રીતેશની ફિલ્મમાંથી અશ્લીલ સંવાદો પર કાતર




મુંબઈ,તા.૧૩

સોનાક્ષી સિંહા અને રિતેશ દેશમુખની હોરર કોમેડી ‘કાકૂડા’માં સેન્સર બોર્ડ દ્વારા કેટલાય અપશબ્દો તથા અશ્લીલ સંવાદો પર કાતર ફેરવી દેવામાં આવી હોવાનું કહેવાય છે. સેન્સર બોર્ડ દ્વારા સર્જકોને કેટલાક સંવાદો બદલવા માટે પણ જણાવાયું હતું. સાથે સાથે આ ફિલ્મ કોઈ રીતે અંધશ્રદ્ધાને સમર્થન આપતી નથી તે મતલબની એક સ્પષ્ટતા પણ ફિલ્મ સાથે રીલિઝ કરવા જણાવાયું હતું. આખરે આ ફિલ્મ સંખ્યાબંધ કટ્સ તથા ફેરફારો સાથે રજૂ થઈ છે. ફિલ્મનું સ્ક્રિનિંગ મુંબઈમાં યોજાયું હતું. તેમાં સોનાક્ષી અને ઝહીર પહેલીવાર લગ્ન પછી સાથે કોઈ ઈવેન્ટમાં દેખાયાં હતાં. આ વખતે ઝહીરે સોનાક્ષીને મેરી બીવી કહીને સંબોધતાં તે શરમાઈ ગઈ હતી.



બિગ બોસ ૧૭મા જોવા મળેલી સ્પર્ધક સોનિયા બંસલની એવી કિલર સ્ટાઈલ છે કે દરેક વ્યક્તિ ઘાયલ થઈ જાય છે.સોનિયા બંસલના ઈન્સ્ટાગ્રામ પર ૬.૨ મિલિયન ફોલોઅર્સ છેબિગ બોસ ૧૭ની સ્પર્ધક સોનિયા બંસલ આ તસવીરમાં ખૂબ જ બોલ્ડ લાગી રહી છે. સોનિયાનો આ કિલર લુક જોવા જેવો છે.બિગ બોસ ૧૭માં જોવા મળેલી સ્પર્ધક સોનિયા બંસલની ડ્રેસિંગ સેન્સ અલગ છે.



અંકિતા દવે સોશિયલ મીડિયા પર દરરોજ ફોટા અને વીડિયો શેર કરીને લોકપ્રિયતા મેળવી હી છે. તેના સોશિયલ મીડિયા ફોલોઅર્સ ખૂબ જ ઝડપથી વધી રહ્યા છે.હાલમાં અંકિતા મોડલિંગ અને એક્ટિંગ કરી રહી છે. તેનો રિશ્તા હો ઐસા નામનો એક મ્યુઝિક વીડિયો પણ સામે આવ્યો હતો. અંકિતા દવેએ ઘણી કોમર્શિયલ એડ અને મ્યુઝિક વીડિયોમાં પોતાની પ્રતિભા બતાવી છે.

## ડીપ નેકલાઈન ચોલીપ કિમ કાર્દાશિયન લાલ લહેંગામાં ખૂબ જ હોટ લાગી


મુંબઈ,તા.૧૩

કિમે અનંત-રાધિકાના લગ્નમાં લાલ લહેંગા પહેર્યો હતો. તેણે પોતાની તૈયારીના ઘણા વીડિયો શેર કર્યા છે. કિમે લાલ રંગના લહેંગા સાથે ડીપ નેકલાઈન ચોલી પહેરી હતી. આ સાથે તેણે સિલ્વર ડાયમંડ નેકલેસ, એરિંગ્સ અને માંગ ટીકા પણ પહેર્યા હતા. જ્યારે કિમે પોતાના વાળ ખુલ્લા રાખ્યા હતા. આ લુકમાં કિમ ખૂબ જ સુંદર લાગી રહી હતી. કિમની સાથે તેની બહેન ક્લોએ પણ સફેદ અને ગોલ્ડન કોમ્બિનેશનની સાડી પહેરી હતી.

અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્ન પહેલા કિમ કાર્દશિયને મુંબઈની ગલીઓમાં ફર્યા હતા. તેણે મુંબઈમાં ઓટો રાઈડની મજા માણી. તેનો વીડિયો ઈન્ટરનેટ પર વાયરલ થયો છે. કરોડો રૂપિયાની માલિક કિમ કાર્દાશિયન કેવી રીતે ઓટોમાં મુસાફરી કરતી જોવા મળે છે તે જોઈને બધાને આશ્ચર્ય થાય છે. ખ્લોએ આ વીડિયો તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કર્યો છે. બંને બહેનો શહેરમાં ઓટો રાઈડની મજા માણી રહી છે. તેમને ખૂબ મજા પડી.



## આદિત્ય હવે તેની આગામી ફિલ્મ માટે એક્શન મોડની તૈયારી શરૂ



મુંબઈ,તા.૧૩

આદિત્ય રૉય કપૂર હવે તેની આગામી ફિલ્મ માટે ઍક્શન મોડમાં આવવાની તૈયારી કરી રહ્યો છે. અગાઉ તેણે ૨૦૦૨માં આવેલી ‘રાષ્ટ્ર કવચ ઓમ’, ૨૦૨૩માં આવેલી ‘ગુમરાહ’અને ૨૦૨૩માં આવેલી વેબ-સિરીઝ ‘ધ નાઈટ મૅનેજર’માં કામ કર્યું હતું. હવે નવી ફિલ્મ માટે તેણે તૈયારી શરૂ કરી દીધી છે. એના માટે તે મિક્સ્ડ માર્શલ આર્ટ્સ અને કિક-બૉક્સિંગની ટ્રેઈનિંગ લઈ રહ્યો છે. તે સેલિબ્રિટી ફિટનેસ ટ્રેઈનર રોહિત નાયર પાસે ઘણાં અઠવાડિયાંથી ટ્રેઈનિંગ લઈ રહ્યો છે. રોહિતે અગાઉ અલી ફઝલ અને મૃણાલ ઠાકુરને પણ ટ્રેઈનિંગ આપી હતી. ફિલ્મનું શૂટિંગ આ વર્ષના અંતે શરૂ થવાનું છે બે મહિના સુધી ટ્રેઈનિંગ ચાલુ રાખવાનો છે.



અવનીત કૌને તેની બોલ્ડ તસવીરો ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શેર કરી છે. આ તસવીરોમાં તે બીચ કિનારે પોઝ આપી રહી છે.ગ્લોઈંગ મેકઅપ સાથે તેના વાળ ખુલ્લા રાખ્યા છે અને કેમેરા સામે ગ્લેમરસ પોઝ આપી રહી છે.અભિનેત્રીની આ તસવીરો જોઈને યુઝર્સ ઘાયલ થઈ ગયા છે અને કોમેન્ટ બોક્સ પર ફાયર ઈમોજી અને રેડ હાર્ટ ઈમોજીનો વરસાદ કરી રહ્યા છે.ટીવી અભિનેત્રી અને સોશિયલ મીડિયા સ્ટાર અવનીત કૌર આજે કોઈ પરિચય પર નિર્ભર નથી.

## સરફિરાની રીલિઝ ટાણે જ અક્ષય કોવિડ પોઝિટિવ હોવાની ચર્ચા

મુંબઈ,તા.૧૩

‘સરફિરા’ રીલિઝ થવાના દિવસે જ તે કોવિડ પોઝિટિવ હોવાની વાત ફેલાઈ હતી. અક્ષય કુમાર આ કારણોસર આઈસોલેશનમાં હોવાનું કહેવાય છે. ચર્ચા મુજબ છેલ્લા કેટલાય દિવસોથી તેણે ‘સરફિરા’ના પ્રમોશન માટે સતત પ્રવાસ કર્યો હતો. આ દરમિયાન તેને ક્યાંક ચેપ લાગી ગયો હોય તેવું બની શકે છે. અક્ષય કુમારની તબિયત છેલ્લા બે દિવસથી ખરાબ હતી. તેને અતિશય થાક લાગતો હતો. તેણે મેડિકલ ચેક અપ કરાવતાં તે કોવિડ પોઝિટિવ હોવાનું જાણવા મળ્યું હતું. મૂળ તમિલ ફિલ્મ ‘સૂરારાઈ પોટ્ટરુ’ની હિંદી રિમેક ‘સરફિરા’ના મિક્સ્ડ રિવ્યૂ આવી રહ્યા છે. કેટલાક લોકોને હિંદી ફિલ્મ મૂળ ફિલ્મ કરતાં ઘણી નબળી લાગી છે. જોકે, કેટલાક સમીક્ષકોને અક્ષય કુમારનું કામ ગમ્યાં છે.



# SPORTS કોર્નર

## મહિલાઓને ક્યારે મળ્યો ઓલિમ્પિકમાં સામેલ થવાનો અધિકાર?

આ વખતે ફ્રાન્સના પેરિસ શહેરમાં ઓલિમ્પિક ગેમ્સનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ વખતે ઓલિમ્પિકમાં વિશ્વભરમાંથી ૧૦ હજારથી વધુ એથ્લેટ ભાગ લેશે. પરંતુ શું તમે જાણો છો કે મહિલાઓને પહેલીવાર ઓલિમ્પિકમાં ભાગ લેવાની તક ક્યારે મળી હતી. આજે અમે તમને જણાવીશું કે મહિલાઓએ પ્રથમ વખત ઓલિમ્પિકમાં રમવાની ક્યારે શરૂઆત કરી હતી. ઓલિમ્પિક જેને રમતગમતનો ‘મહા કુંભ’ પણ કહેવામાં આવે છે. આ વખતે ઓલિમ્પિક ૨૬મી જુલાઈથી પેરિસમાં યોજાશે. આ વખતે ઓલિમ્પિકમાં ૩૨૯ મેડલ ઈવેન્ટ્સમાં વિશ્વભરના ૧૦ હજારથી વધુ એથ્લેટ્સ ભાગ લેશે. ૧૭ દિવસ સુધી ચાલનારા આ મહાકુંભમાં તમને ૨૦૬ દેશોના સ્ટાર ખેલાડીઓ જોવા મળશે. પેરિસ ઓલિમ્પિકમાં ભારતના ૧૦૦થી વધુ ખેલાડીઓ ભાગ લેશે. જેમાં મહિલાઓ અને પુરુષો બંનેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આ વખતે સ્પોર્ટ ક્લાઈમ્બિંગ, સ્કેટબોર્ડિંગ અને સર્ફિંગનો પણ પ્રથમ વખત ઓલિમ્પિકમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

### મહિલાઓએ ક્યારે ભાગ લીધો?

જ્યારે ઓલિમ્પિક ગેમ્સ શરૂ થઈ હતી ત્યારે ઓલિમ્પિકમાં માત્ર પુરૂષ ખેલાડીઓ જ ભાગ લેતા હતા. તે સમયે મહિલા ખેલાડીઓના ભાગ લેવા પર પ્રતિબંધ હતો. પરંતુ આજના યુગમાં દરેક દેશની મહિલા ખેલાડીઓ ઓલિમ્પિકમાં પોતાનું સ્થાન બનાવી રહી છે. એટલું જ નહીં મહિલા ખેલાડીઓ પણ પોતાના શ્રેષ્ઠ પ્રદર્શનના આધારે મેડલ જીતી રહી છે. પ રંતુ જ્યારે ઓલિમ્પિક ગેમ્સ શરૂ થઈ ત્યારે પરિસ્થિતિ આવી ન હતી.

### પ્રથમ ઓલિમ્પિક્સ

ઉલ્લેખનીય છે કે ૧૮૯૬માં એથેન્સમાં પ્રથમ આધુનિક ઓલિમ્પિક ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમયગાળા દરમિયાન એક પણ મહિલા ખેલાડીએ તેમાં ભાગ લીધો ન હતો. તે સમયે એવું માનવામાં આવતું હતું કે મહિલાઓનો સમાવેશ અવ્યવહારુ, ખોટો અને કંટાળાજનક હશે. આ કારણોસર તે સમયે ફક્ત પુરુષો જ ઓલિમ્પિક રમતોમાં ભાગ લેતા હતા. મળતી માહિતી મુજબ ૧૯૦૦ની પેરિસ ઓલિમ્પિક ગેમ્સમાં મહિલાઓએ ભાગ લીધો હતો. આ રમત પ્રથમ આધુનિક ઓલિમ્પિકના ચાર વર્ષ પછી યોજાઈ હતી. જેમાં મહિલાઓએ ભાગ લેવાનું શરૂ કર્યું હતું. માહિતી અનુસાર, ૧૯૦૦માં મહિલાઓએ ટેનિસ અને ગોલ્ફ ગેમ્સ દ્વારા ઓલિમ્પિકમાં ભાગ લીધો હતો. આ પછી ૧૯૦૪માં મહિલાઓએ તીરંદાજીમાં પણ પોતાનું સ્થાન બનાવ્યું. ૧૯૦૮માં મહિલાઓએ ફરીથી ટેનિસ અને સ્કેટિંગમાં પોતાનું સ્થાન બનાવ્યું. ૧૯૧૨માં મહિલાઓએ એક્વેટિક્સમાં ભાગ લીધો અને ઓલિમ્પિકમાં મેડલ જીત્યો. આ પછી મહિલાઓએ ૧૯૨૪માં ફેન્સિંગ, ૧૯૨૮માં એથ્લેટિક્સ અને જિમ્નાસ્ટિક્સમાં પ ોતાનું સ્થાન બનાવ્યું. ૧૯૩૬માં સ્કીઈંગ, ૧૯૪૮માં કેનોઇ, કયાક, ૧૯૫૨માં અશ્વારોહણ, ૧૯૬૪માં વોલીબોલ, લ્યૂગ અને ૧૯૭૬માં રોઈંગ, બાસ્કેટબોલ અને હેન્ડબોલ. જોકે મહિલા ખેલાડીઓએ ૧૯૮૦માં હોકીમાં પ્રવેશ કર્યો હતો, ૧૯૮૪માં સાઈકલિંગ, ટેનિસ, ટેબલ ટેનિસ અને ૧૯૮૮માં સેઈલિંગ ટેનિસ ઓલિમ્પિકમાં રમવાનું શરૂ કર્યું હતું.

આ પછી મહિલા ખેલાડીઓએ ૧૯૨૨માં બેડમિન્ટન, જુડો, બાયથલોન, ૧૯૯૬માં ફૂટબોલ, સોફ્ટબોલ, ૧૯૯૮માં કેર્લિંગ, ૨૦૦૦માં વેઈટ લિફ્ટિંગ, પેન્ટાથલોન, ટાઈક્વૉન્ડ-ો, ૨૦૦૪માં કુસ્તી અને બોક્સિંગમાં ૨૦૧૨માં તમામ ખેલાડીઓએ પોતાનું સ્થાન બનાવ્યું હતું.

## વડોદરાના ખેલાડી હાર્દિક પંડ્યાનું રોડ શો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવશે

વડોદરા,તા.૧૩

ટી ૨૦ ક્રિકેટ વિશ્વ કપ જીત્યા બાદ ભારતીય ટીમનું મુંબઈ ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારે હવે ગુજરાતી ક્રિકેટર હાર્દિક પંડ્યાનું વડોદરામાં શાનદાર સ્વાગત થવા જઈ રહ્યું છે. વડોદરામાં ૧૫ જુલાઈએ ટી ૨૦ વર્લ્ડ કપમાં શાનદાર પ્રદર્શન કરનાર હાર્દિક પંડ્યાનું સ્વાગત કરાશે. વર્લ્ડ કપ વિજય યાત્રા વડોદરાના રસ્તાઓ પર નીકળશે. માંડવીથી દાંડિયા બજાર બ્રિજ સુધીની આ વિજય યાત્રા રહેશે. જેમાં ક્રિકેટર હાર્દિક પંડ્યા અને કૃણાલ પંડ્યા ઉપસ્થિત રહેશે.

૧૫, જુલાઇ સોમવારે શહેરમાં સ્વેજલ વ્યાસ અને તેમની ટીમ દ્વારા ક્રિકેટર હાર્દિક પંડ્યાનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. ત્યારે વડોદરામાં આ ગુજરાતી ક્રિકેટર્સના ભવ્ય સ્વાગતની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ કાર્યક્રમના આયોજન વિશે સ્વેજલ વ્યાસે માહિતી આપતા જણાવ્યું કે, વડોદરાના ક્રિકેટ પ્રેમીઓને બોલાવવાના છે. તેમના કોચ, સ્કુલ ટીચર, પાડોશી અને રીલેટીવ તમામને બોલાવવાનો પ્રયત્નો અમે કરી રહ્યા છીએ.



વડોદરાના તમામ કોર્પોરેટર, ધારાસભ્યો સન્માન કરે તેવું પણ આયોજન છે. વડોદરા શહેર માટે જે લોકો રમ્યા છે, તે તમામને ભેગા કરવાના પ્રયત્નો કરી રહ્યા છીએ. મુંબઈમાં જેમ ભારતની ટીમનું સ્વાગત-આયોજન થયું. અમે તેનાથી વધારે સારૂ કરી શકીએ તે માટે પ્રયત્નશીલ છીએ. ૫૦ થી વધુ બાઉન્સરો, ૧૫૦૦થી વધુ વોલંટીયર્સ હશે, પોલીસને અમે રીકવેસ્ટ કરી છે કે, ૭૦૦ જેટલો સ્ટાફ તૈનાત કરવામાં આવે. શહેરના અલગ અલગ સંગઠિત લોકોની મીટિંગ પણ યોજવામાં આવનાર છે. હાર્દિક પંડ્યા અને કૃણાલ પંડ્યા મૂળ વડોદરાના ક્રિકેટર્સ છે. બંને ભાઈઓનો વડોદરા પ્રત્યેનો પ્રેમ અનેરો છે. તેઓ સમયાંતરે વડોદરા આવતા રહે છે.

## કપિલ દેવે બીસીસીઆઇને અંશુમન ગાયકવાડને મદદ કરવા વિનંતી કરી

નવીદિલ્હી,તા.૧૩

પૂર્વ દિગ્ગજ ખેલાડી કપિલ દેવ, જેમણે પોતાની કેપ્ટનશીપમાં ભારતને વિશ્વ ખિતાબ જીતાડ્યો, તેણે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ ને ખાસ અપીલ કરી છે. વાસ્તવમાં ભારતીય ટીમના પૂર્વ ખેલાડી અને કોચ અંશુમન ગાયકવાડ બ્લડ કેન્સરથી પીડિત છે. ૭૧ વર્ષીય ગાયકવાડની લંડનની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે અને કપિલે બોર્ડને તેમની મદદ કરવાની અપીલ કરી છે. કપિલે ખુલાસો કર્યો કે તેના ભૂતપૂર્વ સાથી ખેલાડીઓ મોહિન્દર અમરનાથ, સુનીલ ગાવસ્કર, સંદીપ પાટીલ, દિલીપ વેંગસરકર, મદન લાલ, રવિ શાસ્ત્રી અને કીર્તિ આઝાદ ગાયકવાડની સારવાર માટે ભંડોળ એકત્ર કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરી રહ્યા છે. કપિલે કહ્યું કે તેમને વિશ્વાસ છે કે બીસીસીઆઇ આ મામલાની તપાસ કરશે અને ગાયકવાડને આર્થિક મદદ કરશે, જે ભારતીય ટીમના કોચ હતા.

કપિલે કહ્યું, આ એકદમ નિરાશાજનક છે. હું પીડામાં છું કારણ કે હું ગાયકવાડ સાથે ઘણો રમ્યો છું અને તેમને આ સ્થિતિમાં જોઈ શકતો નથી. કોઈને પણ સમસ્યાનો સામનો કરવો ન જોઈએ. હું જાણું છું કે બોર્ડ તેમને જોશે. અમે કોઈને દબાણ કરતા નથી. ગાયકવાડ માટે, કોઈપણ મદદ હૃદયથી આવવી જોઈએ. રમતી વખતે તેને ઝડપી બોલરોના બોલ પર ઘણી વખત ઈજા થઈ હતી. હવે સમય આવી ગયો છે કે આપણે તેમની સાથે ઉભા રહીએ. મને ખાતરી છે કે અમારા ક્રિકેટ ચાહકો તેમને નિષ્ફળ નહીં થવા દે. તેઓએ ગાયકવાડના સાજા થવા માટે પ્રાર્થના કરવી જોઈએ.




કપિલે કહ્યું કે જો પરિસ્થિતિમાં સુધારો નહીં થાય તો તે પોતાનું પેન્શન પણ દાન કરવા તૈયાર છે. “દુર્ભાગ્યે અમારી પાસે કોઈ સિસ્ટમ નથી,” તેમણે કહ્યું. વર્તમાન ખેલાડીઓ પાસે પૈસા છે તે જોવું સારું છે. હવે સપોર્ટ સ્ટાફને પણ સારો પગાર મળે છે. અમારા સમયમાં બોર્ડ પાસે એટલા પૈસા નહોતા. ભૂતકાળના વરિષ્ઠ ખેલાડીઓને મદદ કરવી જોઈએ, પરંતુ તેઓ તેમનો ટેકો ક્યાં મોકલશે? જો ટ્રસ્ટ બનાવવામાં આવે તો તેઓ ત્યાં પૈસા મોકલી શકે છે, પરંતુ અમારી પાસે આવી કોઈ વ્યવસ્થા નથી. આવો વિશ્વાસ હોવો જોઈએ અને મને લાગે છે કે બીસીસીઆઈએ આ કરવું જોઈએ. તેઓ ભૂતકાળ અને વર્તમાન ખેલાડીઓને જુએ છે. જો પરિવાર અમને પરવાનગી આપે તો અમે અમારી પેન્શન દાનમાં આપવા તૈયાર છીએ.

# કેજરીવાલ કોમામાં જઈ શકે છેઃ AAP નેતા સંજય સિંહ

નવી દિલ્હી, તા.૧૩

આપ સાંસદ સંજય સિંહે અરવિંદ કેજરીવાલના આરોગ્યને લઈને ઘણા ચોંકાવનારા ખુલાસા કર્યા છે.

સંજય સિંહે એક વાર ફરીથી ભાજપ પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે કેન્દ્રની મોદી સરકારનો હેતુ કેજરીવાલને જેલમાં રાખીને તેમના જીવન સાથે રમત રમવાનો છે. આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સંજય સિંહે શનિવારે દાવો કર્યો કે ભાજપ અને તેમની કેન્દ્ર સરકાર દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની જીંદગી સાથે રમી રહી છે. જેમનું વજન જેલમાં રહ્યા દરમિયાન ૮.૫ કિલો ઘટી ગયું છે અને શુગર લેવલ ૫૦ મિલીગ્રામ/ડીએલથી નીચે પાંચ વખત જઈ ચૂક્યું છે.



સંજય સિંહના દાવા પર ભાજપ તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી. સંજય સિંહે કહ્યું કે કેજરીવાલની આરોગ્ય સ્થિતિ એવી છે કે જો તેમને ટૂંક સમયમાં જેલમાંથી બહાર ન લાવવામાં આવ્યા અને સારવાર ન કરવામાં આવી તો તેમની સાથે કોઈ પણ ગંભીર ઘટના ઘટી શકે છે.

સંજય સિંહે જણાવ્યું કે ડોક્ટરોના જણાવ્યા અનુસાર આવી હાલતમાં કોઈ કોમામાં પણ જઈ શકે છે. રાતના સમયે જેલ કોઈ ડોક્ટર પણ રહેતાં નથી. સંજય સિંહે કહ્યું, જરૂર એ વાતની છે કે કેજરીવાલને જેલમાંથી બહાર લાવીને તેમની સારી રીતે તપાસ અને સારવાર કરાવવામાં આવે. પરંતુ કેન્દ્ર સરકાર તેમને જેલ માંથી બહાર આવવા જ દેતી નથી. દરમિયાન તેમની સાથે કંઈ પણ ગંભીર બાબત થઈ શકે છે.

સંજય સિંહે જાલંધરની પેટા ચૂંટણીમાં આપ ઉમેદવારની જીત પર શુભકામનાઓ આપતાં કહ્યું કે ત્યાં રાજ્ય સરકાર ખૂબ મજબૂત છે, જનતા પણ સરકારના કાર્યથી ખુશ છે જ્યારે જે આપને છોડીને ગયું, તેનું રાજકારણ જ ખતમ થઈ ગયું.

# સૌરાષ્ટ્રના દરિયામાં મીની વાવાઝોડુ ફૂંકાવાની ચેતવણી

અમદાવાદ, તા.૧૩

ગુજરાતમાં હાલ ચોમાસુ સક્રિય છે અને તેની સાથે ભારે અને તોફાની વરસાદ વરસે તેવી સિસ્ટમ પણ સતત સર્જાતી રહે છે. આજે ઉતર ગુજરાત પર સમુદ્ર સપાટીથી ૩.૧ કિ.મી.ની ઉંચાઈએ હવાનું સાયક્લોનિક સર્ક્યુલેશન જાહેર રહ્યું છે અને સાથે દક્ષિણ ગુજરાતથી કેરલના કાંઠા સુધી ટ્રોફ પણ છે, ત્યારે હાલ ગુજરાતમાં તેમજ બે દિવસ બાદ સૌરાષ્ટ્રમાં ભારે અને વ્યાપકપણે (૭૫ ટકાથી વધુ વિસ્તારો માં) વરસાદની ચેતવણી હવામાન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવી છે. તો તા.૨૫ જૂલાઈ સુધી ગુજરાતમાં સામાન્યથી અધિક વરસાદનું પૂર્વાનુમાન છે અને આગામી છ દિવસ સુધી દેશભરમાં અનેક રાજ્યોમાં વ્યાપક વરસાદની આગાહી કરાઈ છે.

દક્ષિણ ગુજરાત પ્રદેશના નવસારી, વલસાડ અને દમણ, દાદરા નગર હવેલીના જિલ્લાઓમાં અલગ-અલગ સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની સંભાવના છે. જ્યારે નર્મદા, ભરૂચ સુરત, ડાંગ, તાપી અને સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના છે.

અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ મહિસાગર, વડોદરા અને છોટાઉદેપુર જ્યારે



સૌરાષ્ટ્ર-કચ્છના સુરેન્દ્રનગર, રાજકોટ, જૂનાગઢ, બોટાદ અને કચ્છ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે.

દરિયો ગાંડોતૂર બન્યો છે અને સોમનાથ, જુનાગઢ, દ્વારકા, પોરબંદર અને દિવના દરિયામાં ૩.૩થી ૪.૨ મીટર (૧૩.૭૮ ફૂટ) ઉંચા મોજા ઉછળવાનું રેડએલર્ટ અને કચ્છના દરિયામાં ૨.૨થી ૩.૩ મીટરના મોજા ઉછળવા ઓરેન્જ એલર્ટ જારી કરાયું છે. ઉપરાંત સુરત, ભરુચ અને ભાવનગરના દરિયામાં સમુદ્રનો કરન્ટ તીવ્ર રહેશે અને પ્રતિ સેકન્ડ ૨ મીટરની ઝડપે મોજા ધસમસતા આવવાનું પૂર્વાનુમાન છે. જેના પગલે દરિયાકાંઠે ન્હાવા,બોટીંગ જેવી મનોરંજક એક્ટિવિટી નહીં કરવા તેમજ માછીમારોને દરિયો નહીં ખેડવા સૂચના અપાઈ છે. સૌરાષ્ટ્રના દરિયામાં પ્રતિ કલાક મહત્તમ ૬૫ કિ.મી. સુધી મીની વાવાઝોડુ ફૂંકાવાની પણ ચેતવણી અપાઈ છે.

આજે સુરત, ભરુચ, તાપી, નવસારી, વલસાડ જિલ્લા તથા દમણ પ્રદેશમાં ભારે વરસાદની અને સૌરાષ્ટ્ર સહિત રાજ્યના અન્ય જિલ્લામાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની ચેતવણી અપાઈ છે.

પરંતુ, બે-ત્રણ દિવસ બાદ વરસાદનું જોર વધશે અને તા.૧૬થી ૧૮ જૂલાઈ દરમિયાન ગુજરાતભરમાં વ્યાપક વરસાદની અને ભારે વરસાદનું એલર્ટ જારી કરાયું છે.

તા.૧૬ જુલાઈએ નવસારી,વલસાડ ઉપરાંત અમરેલી, ભાવનગર જિલ્લામાં અતિ ભારે વરસાદનું તથા સૌરાષ્ટ્રના જુનાગઢ, સોમનાથ, બોટાદ જિલ્લા અને દિવ પ્રદેશ તથા આણંદ,વડોદરા,નર્મદા, ભરુચ, સુરત, છોટા ઉદેપુર, દાહોદ, પંચમહાલ તાપી,ડાંગ જલ્લામાં ભારે વરસાદનું એલર્ટ જારી કરાયું છે. બીજી તરફ, હવામાન વિભાગે પખવાડિયાનું પૂર્વાનુમાન જાહેર કર્યું છે તે મુજબ તા.૨૫ જૂલાઈ સુધી સૌરાષ્ટ્ર સહિત ગુજરાતમાં વરસાદ નોર્મલ વરસતો હોય તેનાથી અધિક રહેશે.

# ઓનલાઈન ક્રિકેટ સટ્ટા બેટિંગનો સૂત્રધાર દુબઈથી આવતા ધરપકડ કરાઈ

અમદાવાદ, તા.૧૩

ઓનલાઈન ક્રિકેટ સટ્ટા બેટિંગના કેસમાં સુપર માસ્ટર આઈડી આપનારા આરોપી પાર્થ કમલેશભાઈ દોશીની સેટેટ મોનીટરિંગ સેલ(એસએમસી)ના અધિકારીઓએ ધરપકડ કરી હતી. આરોપી પાર્થ દોશી વિરૂધ્ધ લુક આઉટ નોટીસ ઈશ્યુ કરવામાં આવી હતી. જેમાં તે દુબઈથી અમૃતસર પંજાબ એરપોર્ટ પર આવતા જ તેને ઝડપી લેવાયો હતો. પંજાબ પોલીસે એસએમસીને જાણ કરતા પોલીસે તેનો કબજો મેળવ્યો હતો. દોશી મૂળ ગુજરાતના સુરેન્દ્રનગરનો રહેવાસી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

આ કેસમાં અગાઉ પકડાયેલા આરોપી ધવલ એસ.પટેલની પુછપરછ કરતા તેણે પોલીસને જણાવ્યું હતું કે તેને ઓનલાઈન ક્રિકેટ સટ્ટા બેટિંગના ૩ સુપર માસ્ટર આઈડી પાર્થ દોશીએ આપ્યા હતા. ઉપરોક્ત ત્રણેય સુપર માસ્ટર આઈડી આરોપી ધવલ પટેલે ૧૫ ટકા ભાગથી આરોપી જીગ્નેશ એન.પટેલને આપ્યા હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. આમ ઉપરોક્ત ઓનલાઈન ક્રિકેટ સટ્ટા બેટિંગના સુપર માસ્ટર આઈડી આપનાર મુખ્ય આરોપી પાર્થ દોશી છેલ્લા ઘણા વર્ષોતી દુબઈમાં રહીને ઓનલાઈન ક્રિકેટ સટ્ટા બેટિંગની સુપરમાસ્ટર આઈડી બનાવીને વિવિધ શશ્કોને પુરા પાડતો હોવાનનું ખુલ્યું હતું. છેલ્લા એક વર્ષથી પાર્થ આ ગુનામાં નાસતો ફરતો હતો. તેની સામે ૧.૨.૨૦૨૪ના રોજ લુક આઉટ સરક્યુલર ઈશ્યુ કરવામાં આવ્યો હતો.આરોપી પાર્થ દોશી પાસેથી પોલીસે તેનો પાસપોર્ટ, એર ઈન્ડીયાએક્સપ્રેસનીદુબઈથીઅમૃતસર, પંજાબનો બોર્ડિંગ પાસ તથા રૂ. ૪,૩૧૦ રોકડા કબજે કરવામાં આવ્યા હતા.હાલમાં પોલીસ તેની ઝીણવટભરી તપાસ ચલાવી રહી છે. આ કેસમાં અગાઉ ૩૫ આરોપી ઓની ધરપકડ થઈ ચુકી છે. આ અંગે પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે. આ કાર્યવાહી રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય, મુખ્ય પોલીસ અધિકારી આર.બી.બ્રહ્મભટ્ટ, એસએમસીના નિર્લિપ્ત રોય, ડીવાયએસપી કે.ટી. કામરીયાના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમે બજાવી હતી.

## યુક્રેનના યુવાનો સેનામાં જોડાવાથી બચવા માટે પોતાના જ હાથ-પગ ભાંગી રહ્યા છે

કીવ,તા.૧૩

રશિયા સાથે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે યુક્રેનમાં એક વિચિત્ર સમસ્યા ઉભી થઈ છે. યુક્રેનમાં, યુવાનો લશ્કરમાં ભરતી ટાળવા માટે તેમના હાથ અને પગ ભાંગી રહ્યા છે. બે વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા યુદ્ધ વચ્ચે યુક્રેન સૈનિકોની અછતથી પીડાઈ રહ્યું છે, જ્યારે રશિયાએ પૂર્વી મોરચે સૈનિકોની સંખ્યા ૧૦ ગણી વધારી દીધી છે.નવા નિયમો અનુસાર સેનામાં ફરજ બજાવવાની ઉંમર ૨૭ વર્ષથી ઘટાડીને ૨૫ વર્ષ કરવામાં આવી છે.

આ સિવાય કેદીઓને સેનામાં જોડ-ાવા માટે પણ ઓફર કરવામાં આવી રહી છે. સેનામાં જોડાવાનું ટાળવા માટે છેતરપિંડી કરતા જણાયા પરની સજા પાંચ ગણી વધારી દેવામાં આવી છે. નવા નિયમો અનુસાર આ ઉંમરના યુવાનો દેશ છોડી શકતા નથી. ભરતી ટાળવા માટે, યુવાનોના હાથ-પગ તોડી નાખવામાં આવે છે, જેથી તેઓને અયોગ્ય માનીને ભરતી કરી શકાય નહીં.

ટેલિગ્રામ પર એવી જાહેરાતો પણ આપવામાં આવી રહી છે કે સેનામાં જોડાવાનું ટાળવા માટે, સારા ડોક્ટરની દેખરેખ હેઠળ એનેસ્થેસિયા હેઠળ ફ્રેક્ચર કરવામાં આવે છે. એટલું જ નહીં, ઈજા પછી સંપૂર્ણ કાળજી પણ લેવામાં આવશે અને જો ફ્રેક્ચર પૂરતું ન હોય તો બીજી ઈજા માટે રાહત દરે વ્યવસ્થા કરવામાં આવશે. જો કે, હેડલાઇન્સમાં આવ્યા પછી, આવી મોટાભાગની જાહેરાતો દૂર કરવામાં આવી હતી.ઈઝરાયેલ સરકારે પુરુષો માટે ફરજિયાત લશ્કરી સેવાનો સમયગાળો વર્તમાન ૩૨ મહિનાથી વધારીને ૩૬ મહિના કરવાની યોજનાને મંજૂરી આપી છે. ગુરુવારે મોડી રાત્રે સુરક્ષા કેબિનેટની બેઠક બાદ કહેવામાં આવ્યું કે ૩૬ મહિનાનો આ નિયમ આગામી આઠ વર્ષ સુધી અમલમાં રહેશે.

# કસ્ટમ્સ વિભાગે સુરત સેઝમાંથી રૂ. ૨૦૦ કરોડનાં કૌભાંડનો પર્દાફાશ કર્યો

સુરત, તા.૧૩

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એ રૂ. ૨,૮૦૦ કરોડના મની લોન્ડરિંગ રેકેટનો પર્દાફાશ કર્યાના ચાર દિવસમાં, કસ્ટમ વિભાગે શુક્રવારે સુરત સ્પેશિયલ ઈકોનોમિક ઝોન માં રૂ. ૨૦૦ કરોડના વધુ એક કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. બે વ્યક્તિઓ, આશિષ જયરાજ ભેડા અને જયરાજ રમણીકલાલ ભેડા, જેઓ સુરસેઝમાં ડાયમંડ પોલિશિંગ યુનિટ ચલાવે છે અને આયાત-નિકાસના વ્યવસાય સાથે સંકળાયેલા છે, તેમની ધરપકડ કરવામાં આવી હતી અને ન્યાયિક કસ્ટડીમાં મોકલતા પહેલા સ્થાનિક કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા.

આ કૌભાંડના ઘટસ્ફોટથી સુરસેઝની અંદરના એકમોની કામગીરી અંગે ચિંતા વધી છે, કારણ કે ભૂતકાળમાં નાણાકીય ગેરરીતિઓની તપાસ થઈ ચૂકી છે. કસ્ટમ વિભાગની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન એન્ડ ઈન્ટેલિજન્સ બ્રાન્ચએ યુનિટમાં તપાસ હાથ ધરી હતી, જ્યાં તેમને અનિયમિતતા જોવા મળી હતી, જેમાં મોટા ભાગના વ્યવહારો ઓનલાઈન કરવામાં આવતા હતા.

કસ્ટમ અધિકારીઓને શંકા છે કે આરોપીઓએ કસ્ટમ ડ્યુટીને ટાળવા માટે તેમના ઉત્પાદનોનું ઓછું મૂલ્યાંકન કર્યું હતું, જેના પરિણામે આશરે રૂ. ૨૦૦ કરોડની ડ્યુટી ચોરી થઈ હતી.

આ ઘટના સુરત સ્થિત જ્વેલરી ફર્મ, પાપલાજ ફોરેન ટ્રેડ LLP સાથે જોડાયેલી રૂ. ૨,૮૦૦ કરોડની મની લોન્ડરિંગની છેતરપિંડીના ભાગરૂપે ગુજરાત અને મહારાષ્ટ્રના ચાર શહેરોમાં ૮ જુલાઈના રોજ ઈડીની શોધને અનુસરે છે. ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (ફેમા) ની જોગવાઈઓ હેઠળ પપલાજ ફોરેન ટ્રેડ એલએલપી, તેના ભાગીદારો સોમાભાઈ સુંદરભાઈ મીના અને ઓજસકુમાર મોહનલાલ નાઈક અને સુરત, વડોદરા, મુંબઈ અને પેઢીના સહયોગીઓના સ્થળોએ સર્ચ હાથ ધરવામાં આવ્યું હતું. તપાસમાં બહાર આવ્યું છે કે પાપલાજ ફોરેન ટ્રેડ એલએલપીએ હીરાની આયાતનું મૂલ્ય વધારે મૂક્યું હતું અને જુલાઈ ૨૦૨૩ થી માર્ચ વચ્ચે ૨,૮૦૦ કરોડ રૂપિયા મોકલ્યા હતા.

# અનંતના લગ્નમાં મુકેશ અંબાણીએ ૨૬,૮૬,૨૪,૫૨,૩૫૦ ખર્ચ્યા

મુંબઈ,તા.૧૩

અનેક મહિનાઓની તૈયારી અને મહેનત બાદ ૧૨ જુલાઈ શુક્રવારના રોજ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીના પુત્ર અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્ન થયા. દેશ વિદેશથી અનેક વીવીઆઈપી હસ્તીઓ આ લગ્નમાં ભાગ લીધો છે. જામનગર અને ઈટાલીમાં ગ્રાન્ડ પ્રી વેડિંગ અને છેલ્લા ૧૦ દિવસથી ચાલતા લગ્નના ફંક્શન બાદ અનંત અને રાધિકાએ ૧૨ જુલાઈએ સાત ફેરા લીધા. આ લગ્નમાં પાણીની જેમ ખર્ચાઈ રહેલા પૈસા દુનિયામાં ચર્ચાનો વિષય બન્યા છે. બીસીસીઆઈ અને આઈપીએલની અનેક ઈવેન્ટ ઓર્ગેનાઈઝ કરી ચૂકેલી કંપનીએ મુકેશ અંબાણીના ઘર એન્ટીલિયાને પણ ડેકોરેટ કર્યું છે. ખાણીપીણી માટે દેશીથી લઈને વિદેશી ફૂડ આઈટમો સામેલ કરાઈ હતીઅંબાણી પરિવાર પાસે ઝ પ્લસ સિક્યુરિટી છે તો મહેમાનો માટે સુરક્ષામાં ૬૦ લોકોની સિક્યુરિટી, ૧૦ એનએસજી કમાન્ડો, ૨૦૦ ઈન્ટરનેશનલ સિક્યુરિટી ગાર્ડ્સ, ૩૦૦ સિક્યુરિટી મેમ્બર્સ, અને ૧૦૦થી વધુ ટ્રાફિક જવાનો તૈનાત જોવા મળ્યા.











અનંત અંબાણીના લગ્નમાં સ્ટાઈલિંગની જવાબદારી ડોલીને મળેલી છે. ડોલી જાણીતી સેલિબ્રિટિઝ ડ્રેપિંગ આર્ટિસ્ટ છે. અંબાણી ફેમિલીએ મનિષ મલ્હોત્રાના ડિઝાઈન કરેલા કપડાં પહર્યા. જ્યારે ફ્લોરિસ્ટ જૈફ લીથમે લગ્ન માટે ફૂલોની સજાવટની જવાબદારી સંભાળેલી હતી. મહેંદી લગાવવાનું કામ સેલિબ્રિટી આર્ટિસ્ટ વિણા નાગડાને મળેલી હતી. આ બધાનો એક દિવસનો ખર્ચો લાખોમાં છે. ડોલી એકવાર સાડી પહેરાવવાના ૨૫ હજારથી લઈને ૧.૫ લાખ રૂપિયા સુધી ચાર્જ કરે છે.

આ લગ્નમાં સામેલ થયેલા મહેમાનોને કરોડોની રિટર્ન ગિફ્ટ મળી છે. વીવીઆઈપી મહેમાનોને કરોડોની ઘડિયાળ ભેટમાં મળેલી છે. આ ગિફ્ટની જવાબદારી સ્વદેશ ઓર્ગેનાઈઝેશન પાસે છે. બાકી મહેમાનો માટે કાશ્મીર, રાજકોટ, બનારસથી ખાસ ભેંટો મંગાવવામાં આવી છે. આ લગ્નમાં માઈક્રોસોફ્ટના ફાઉન્ડર બિલ ગેટ્સ, હિલેરી ક્લિન્ટન, ઈવાંકા ટ્રમ્પ, કાર્લી ક્લોસ, માર્ક ઝકરબર્ગ જેવી આંતર રાષ્ટ્રીય હસ્તીઓ, રાજનેતા ઉપરાંત હોલિવુડ સેલિબ્રિટી પણ સામેલ થઈ રહ્યા છે. અંબાણીએ રાહુલ ગાંધી, સોનિયા ગાંધી, સહિત અનેક રાજ્યોના મુખ્યમંત્રીઓ, બોલીવુડ હસ્તીઓ, રાજનેતાઓ, ઉદ્યોગપતિઓને પણ આમંત્રિત કર્યા હતાં અંબાણીના ત્યાં લગ્નમાં બોલીવુડ અને હોલીવુડ આર્ટિસ્ટના પરફોર્મન્સ પણ જોવા મળ્યા છે. જામનગરના પ્રી વેડિંગમાં ૮૩ કરોડની ફી પર પોપ સિંગર રેહાનાએ પરફોર્મ કર્યું. જ્યારે એન્ટીલિયામાં ૫ જુલાઈના રોજ સંગીત ફંક્શનમાં જસ્ટિન બીબરે પરફોર્મ કર્યું જેને એક કલાકના પરફોર્મન્સ માટે લગભગ ૧૦ મિલિયન ડોલર ચૂકવવામાં આવ્યા હોવાનું કહેવાય છે. રિહાના અને જસ્ટિન બીબર ઉપરાંત અનેક બોલીવુડ સ્ટાર્સ પણ પરફોર્મ કરી ચૂક્યા છે. અનંત અને રાધિકાના લગ્નના કાર્ડ ઉપર જ પાણીની જેમ પૈસા ખર્ચાયા છે. લગ્નના ગોલ્ડન કાર્ડ સાથે દરેક મહેમાનને ખાસ ભેટ મોકલવામાં આવી. વેડિંગ કાર્ડમાં સોના ચાંદીની ભગવાનની મૂર્તિઓ હતી. જો કે કિંમતનો ખુલાસો થયો નથી. પરંતુ એવું માનવામાં આવે છે કે અંબાણીએ આ લગ્નના એક કાર્ડ પર ૬થી ૭ લાખ રૂપિયા ખર્ચ કર્યો છે.

લગ્ન પહેલા અનંત અને રાધિકાના પ્રી વેડિંગ ફંક્શન રાખવામાં આવ્યા હતા. ત્રણ દિવસ ચાલેલા આ પ્રી વેડિંગમાં રિહાનાએ પરફોર્મ કર્યું હતું. આ ફંક્શનમાં ૧૨૦૦ મહેમાનો સામેલ થયા હતા. ફંક્શન પર અંબાણી પરિવારે ૧૨૦૦ કરોડ રૂપિયા ખર્ચ કર્યો હોવાનું કહેવાય છે. બીજું પ્રી વેડિંગ ઈટાલીના ક્રુઝ પર રાખવામાં આવ્યું હતું. ૪ દિવસ ચાલેલા આ સેકન્ડ પ્રી વેડિંગ ફંક્શનમાં ૮૦૦ મહેમાનો સામેલ થયા હતા. આ ફંક્શનમાં અંબાણીએ મહેમાનો માટે ૧૦ ચાર્ટર પ્લેન, પર્સનલ સ્ટાફ, લક્ઝરી ગાડીઓની વ્યવસ્થા કરી હતી. ડેઈલી મેલના એક રિપોર્ટ મુજબ અંબાણી પરિવારના આ લગ્ન સૌથી મોંઘા લગ્ન બની રહ્યા છે. લગ્નનો ખર્ચની તેમણે ગણતરી કરી છે. રિહાના, જસ્ટિન બીબરના પરફોર્મન્સ, વેડિંગ ઈનવાઈટ-નો ખર્ચો, સિક્યુરિટી, પ્રાઈવેટ જેટ્સ, લક્ઝરી સૂટ્સ, વગેરેના ખર્ચાને ભેગો કરીએ તો અનંત અને રાધિકાના લગ્નનો કુલ ખર્ચ લઘભગ ૩૨૦ મિલિયન ડોલર એટલે કે ૨૬,૭૨,૧૪,૪૦,૦૦૦ રૂપિયા સુધી પહોંચી શકે છે. બે પ્રી વેડિંગ સાથે અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્ન દુનિયાના સૌથી મોંઘા લગ્ન હોવાનું કહેવાઈ રહ્યું છે. ડેઈલી મેઈલના રિપોર્ટ મુજબ આ લગ્ન પર લગભગ ૩૨૦ મિલિયન ડોલરનો ખર્ચ થઈ રહ્યો છે.

# હું તમને વચન આપું છું, હું રાષ્ટ્રપતિની ઉમેદવારી માટે લાયક છું : બિડેન

વોશિગ્ટન,તા.૧૩

યુએસ પ્રમુખ જો બિડેન શુક્રવારે તેમના ચૂંટણી પ્રચારમાં પાછા ફર્યા. તેમણે મતદારો અને ડેમોક્રેટિક પાર્ટીના નેતાઓ અને સભ્યોને રાષ્ટ્રપતિ માટે ચૂંટણી લડવા માટે તેમની ફિટનેસ વિશે આશ્વાસન આપવાનો પ્રયાસ કર્યો. “હું તમને વચન આપું છું કે હું ઠીક છું,” તેણે નોર્થવિલે, મિશિગનમાં એક કાર્યક્રમમાં સમર્થકોને કહ્યું.




બિડેને બાદમાં ડેટ્રોઈટમાં તેમના ભાષણમાં ચેતવણી આપી હતી કે (ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ) ડોનાલ્ડ ટ્રમ્પનો બીજો કાર્યકાળ એક દુઃસ્વપ્ન સમાન હશે. તેમનું સમગ્ર ચૂંટણી પ્રચાર ટ્રમ્પ પર કેન્દ્રિત હતું. જો કે, ડેમોક્રેટિક પાર્ટીના ઘણા નેતાઓની માંગ વધી રહી છે કે બિડેન રાષ્ટ્રપતિ પદની ઉમેદવારીમાંથી પાછી ખેંચી લે. પાર્ટીના ૧૯ સાંસદોએ અત્યાર સુધીમાં તેમને તેમની ઉમેદવારી છોડવા માટે ખુલ્લેઆમ વિનંતી કરી છે. પાર્ટીની અંદરથી આ માંગ ત્યારે વધુ તીવ્ર બની જ્યારે ટ્રમ્પ સાથે એટલાન્ટાની ચર્ચામાં બિડેનનું ખરાબ પ્રદર્શન જોવા મળ્યું.

આ પહેલા ગુરુવારે, બિડેને વોશિંગ્ટનમાં નાટો સમિટમાં પ્રેસ કોન્ફરન્સ કરી હતી. આ દરમિયાન તેમણે કહ્યું કે તેઓ ફરીથી ચૂંટણી લડશે અને જીતશે. નાટો ઈવેન્ટ દરમિયાન બિડેનની જીભ પણ લપસી ગઈ હતી, જ્યારે તેમણે તેમના સંબોધનમાં ભૂલથી ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસને ‘વાઈસ પ્રેસિડેન્ટ ટ્રમ્પ’ અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીને ‘પ્રેસિડેન્ટ પુટિન’ તરીકે ઓળખાવ્યા હતા. જેના કારણે ફરી એકવાર તેમના માનસિક સ્વાસ્થ્ય પર સવાલો ઉઠવા લાગ્યા છે.

બિડેન ઝુંબેશ સંચાર નિર્દેશક માઈકલ ટેલરે પણ એરફોર્સ વન પર પ્રમુખ સાથે મિશિગનની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે પત્રકારોને કહ્યું કે રાષ્ટ્રપતિ સ્વીકારે છે કે તેમને હજુ પણ કેટલીક ચિંતાઓ છે. તેથી જ તે નવેમ્બરમાં ડોનાલ્ડ ટ્રમ્પને હરાવવા માટે શ્રેષ્ઠ વ્યક્તિ હોવાનું દર્શાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે. ટેલરે બિડેનની જીભની સ્લિપ પર વધુ ધ્યાન આપ્યું ન હતું અને કહ્યું હતું કે બિડેન તેની લાંબી રાજકીય કારકિર્દીમાં આ કરવા માટે જાણીતા છે.

તેમણે કહ્યું, બિડેન ચાલીસ વર્ષથી આવી ભૂલો કરી રહ્યા છે. તેણે ગઈકાલે રાત્રે આવું જ કંઈક કર્યું હતું અને કદાચ ભવિષ્યમાં પણ તેમ કરવાનું ચાલુ રાખશે.

# કેરળ, ઉત્તરાખંડ ‘ટકાઉ વિકાસ‘ મામલે ટોચે, બિહારની હાલત દયનીય

નવીદિલ્હી,તા.૧૩

સામાજિક-આર્થિક અને પર્યાવરણની સ્થિતિની દ્રષ્ટિએ નીતિ આયોગ દ્વારા તૈયાર કરવામાં આવેલા રિપોર્ટમાં કેરળ અને ઉત્તરાખંડ ટોચના સ્થાને છે. જ્યારે બિહાર રેકિંગમાં નીચલા સ્થાને રહ્યું છે.આયોગ તરફથી જારી કરવામાં આવેલા રિપોર્ટમાં એ પણ દાવો કરવામાં આવ્યો છે કે કેન્દ્ર અને રાજ્ય સરકારના પ્રયત્નોથી દેશભરમાં મોટી સંખ્યામાં લોકોને ગરીબીથી બહાર કાઢવામાં પણ મદદ મળી છે.

નીતિ આયોગના મુખ્ય કાર્યકારી અધિકારી બીવીઆર સુબ્રમણ્યમે સતત વિકાસ લક્ષ્ય ૨૦૨૩-૨૪ સૂચકાંક નો રિપોર્ટ જારી કરતાં કહ્યું કે છેલ્લા દસ વર્ષોમાં ૨૫ કરોડ લોકો ગરીબીથી બહાર આવ્યા છે. બે રાજ્યોને ગરીબી નાબૂદી પર એસડીજી-૧ પ્રાપ્ત કરવા માટે સુધારો કરવાની જરૂર છે. જેમાં બિહાર અને અરુણાચલ પ્રદેશ સામેલ છે. આ રિપોર્ટને તૈયાર કરવાનો હેતુ રાજ્યોની સામાજિક-આર્થિક સ્થિતિની જાણકારી મેળવીને અને તેમાં સુધારો કરવાનો છે. આ સાથે જ રાજ્યોને વિકાસના માર્ગ પર લાવવાનો છે. કેમ કે વિકાસના માર્ગે જ લોકોની સામાજિક-આર્થિક સ્થિતિમાં ઝડપથી પરિવર્તન શક્ય છે. ભારતનો સમગ્ર એસડીજી સૂચકાંક નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં વધીને ૭૧ થઈ ગયો છે જે ૨૦૨૦-૨૧ માં ૬૬ હતો. ગરીબી નાબૂદી, સન્માનજનક, કામની તકો પૂરી પાડવી, આર્થિક સુધારો, ક્લાઈમેટ ચેન્જથી સંબંધિત કાર્યવાહી અને જમીની વિસ્તારોમાં જીવન પર મહત્વપૂર્ણ પ્રગતિના કારણે આ સુધારો જોવા મળ્યો છે. રિપોર્ટથી જાણ થાય છે કે લોકોના જીવન સ્તરમાં સુધારો લાવવા માટે ઉત્તરાખંડ અને કેરળમાં સારું કામ થયું છે. ઉત્તર-ાખંડ અને કેરળ ૭૯ નંબર સાથે સંયુક્ત રીતે ઉચ્ચ સ્થાન પર પહોંચ્યા છે. તે બાદ તમિલનાડુનું ૭૮મું અને ગોવાનું ૭૭મું સ્થાન છે. જ્યારે ઉત્તર પ્રદેશને ૬૭ નંબર મળ્યો છે. પછાત રાજ્યોમાં બિહાર ૫૭, ઝારખંડ ૬૨ અને નાગાલેન્ડ ૬૩ નંબર સાથે સૌથી ખરાબ પ્રદર્શન કરનાર રાજ્યોમાં સામેલ છે. કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ચંદીગઢ, જમ્મુ-કાશ્મીર, પુડુચેરી, અંદમાન અને નિકોબાર દ્વીપ સમૂહ અને દિલ્હી ઉચ્ચ પાંચમાં સામેલ કરવામાં આવ્યા છે. રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની સામાજિક, આર્થિક અને પર્યાવરણીય ક્ષેત્ર સાથે જોડાયેલા પ્રદર્શનનું આકલન કરીને રિપોર્ટ તૈયાર કરવામાં આવે છે. નીતિ આયોગે ચોથી વખત આ રિપોર્ટ જારી કર્યો છે. પહેલો રિપોર્ટ વર્ષ ૨૦૧૮માં જારી થયો હતો. ગરીબી નાબૂદી, ગુણવત્તા યુક્ત શિક્ષણ, શ્રેષ્ઠ આરોગ્ય, લૈંગિક સમાનતા, સ્વચ્છ પીવાનું પાણી, સબસિડીવાળા આવાસ અને ઊર્જા, આર્થિક વિકાસ, ઉદ્યોગ-આધારભૂત માળખાનો વિકાસ, શહેરો માં રહેવાની ટકાઉ વ્યવસ્થા, પર્યાવરણ સહિત ૧૬ પોઈન્ટ્સ પર ચલાવવામાં આવી રહેલી સરકારની યોજનાઓ દ્વારા થયેલા કાર્યો અને પરિવર્તનો સાથે જોડાયેલા અભ્યાસના આધાર પર આ રિપોર્ટ તૈયાર કરવામાં આવે છે.

## ઘટનાસ્થળેથી મળી આવ્યું ગોળીઓનું ખાલી ખોખું

# જયપુરમાં રાષ્ટ્રીય કરણી સેના-રાજપૂત કરણી સેના વચ્ચે વિવાદ

જયપુર, તા.૧૩

રાજસ્થાનમાં રાજપૂત સમુદાયનું પ્રતિનિધિત્વ કરતા બે સંગઠનો વચ્ચે શુક્રવારે અહીં અથડામણ થઈ હતી જેમાં શ્રી રાજપૂત કરણી સેનાના પ્રદેશ અધ્યક્ષ મહિપાલ સિંહ મકરાણા ઘાયલ થયા હતા.

પોલીસે આ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે આ ઘટના ચિત્રકૂટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની હતી. પોલીસે જણાવ્યું કે મહિપાલ સિંહને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બંને સંગઠનોએ એકબીજા પર ગોળીબાર કરવાનો આરોપ લગાવ્યો છે, પરંતુ પોલીસે કહ્યું કે હજુ સુધી આ વાતની પુષ્ટિ થઈ નથી. એડિશનલ પોલીસ કમિશનર કૈલાશ ચંદ્ર બિશ્નોઈએ કહ્યું કે, રાષ્ટ્રીય કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ શિવ સિંહ શેખાવત અને મહિપાલ સિંહ વચ્ચે ઝપાઝપી થઈ હતી.

તેમણે કહ્યું કે ઘટનાસ્થળેથી એક ખાલી બુલેટ કેસીંગ મળી આવ્યું છે અને પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. તેમણે કહ્યું કે હાલમાં આ ઘટનાના સંબંધમાં કોઈ કેસ નોંધવામાં આવ્યો નથી.

આપને જણાવી દઈએ કે પરસ્પર વિવાદ બાદ હવે મહિપાલ સિંહ મકરાણા અને શિવ સિંહ શેખાવત એક બીજા પર ફાયરિંગનો આરોપ લગાવી રહ્યા છે. જો કે આ લડાઈમાં મહિપાલ સિંહ ઘાયલ થયા છે. મહિપાલ સિંહ મકરાણાને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હાલ ચિત્રકૂટ પોલીસ સ્ટેશન આ મામલે તપાસ કરી રહ્યું છે.

આ ઘટના અંગે શિવ સિંહ શેખાવતે કહ્યું કે મારી ઓફિસમાં ચાર લોકો ઘૂસ્યા હતા. જેમાંથી એક બદમાશે મારા પર ગોળીબાર કર્યો હતો. ગોળી મારી પાસેથી પસાર થઈ. મને કંઈ થયું નથી. આ દરમિયાન મારા બંદૂકધારીએ મકરાનાને કંટ્રોલ કર્યો હતો. જે બાદ તેને પડતો મુકાયો હતો. જ્યારે મેં ફાયરિંગ કરનાર વ્યક્તિ પાસેથી રિવોલ્વર છીનવી લીધી તો તેણે સોરી કહેવાનું શરૂ કર્યું. તેણે કહ્યું કે મારો બંદૂકધારી ગોળીબાર કરવાનો હતો. પણ તેને રોક્યો. સમગ્ર મામલાની તપાસ માટે રાષ્ટ્રીય કરણી સેનાના કાર્યાલયમાં લાગેલા સીસીટીવી ફૂટેજની તપાસ કરવામાં આવી રહી છે.

## સંક્ષિપ્ત સમાચાર

# આ વર્ષે શ્રાવણ માસમાં શિવ ભક્તોને પાંચ શ્રાવણી સોમવારનો લાભ મળશે

આણંદપર(યક્ષ)તા.૧૩

આ વર્ષે શ્રાવણ માસમાં પાંચ સોમવાર આવશે, જેમાં રક્ષાબંધન,જન્માષ્ટમી પણ સોમવારે આવે છે, અને અમાસ પણ સોમવારે આવતા ભક્તોને સોમવતી અમાસનો લાભ મળશે.



શ્રાવણ માસ ૫ ઓગસ્ટ ૨૦૨૪ સોમવારથી શરૂ થશે, આ વર્ષે શિવ ભક્તોને શ્રાવણ મહિનામાં પાંચ સોમવારનો લાભ મળશે, શ્રાવણ મહિનાનો પ્રથમ સોમવાર ૫ ઓગસ્ટ, બીજો તા.૧૨,ત્રીજો તા.૧૯ ના રક્ષાબંધન છે, ચોથા સોમવારે તા.૨૬ ના જન્માષ્ટમી છે,અને છેલ્લો પાંચમો સોમવાર તા.૨/૯ ના સોમવતી અમાસ છે, આમ આ વખતે શિવભક્તો પાંચ સોમવારનો લાભ લેશે. નખત્રાણા તાલુકા શાસ્ત્રી જગદીશ મારાજના જણાવ્યા પ્રમાણે આ વર્ષે શ્રાવણ માસનો પ્રારંભ સોમવારથી થશે, રક્ષાબંધન તેમજ જન્માષ્ટમી સોમવારના આવશે.શ્રાવણ માસનો છેલ્લો સોમવાર શ્રાવણી અમાસના આવતો હોવાથી આ વર્ષ શ્રાવણ મહિનામાં સોમવારનું મહત્વ અતિ મહત્વ રહેશે, ભક્તોને ચાર સોમવારના બદલે પાંચ સોમવારની મહાદેવજીની પૂજાનો લાભ મળશે.શ્રાવણ અમાસની તિથિ વૃધ્ધિ હોવાથી ત્રીજી સપ્ટેમ્બરને મંગળવારના રોજ શ્રાવણ માસની પૂર્ણાહુતી થશે.

# મુંદરા પાંજરાપોળને ૫૧ હજારનું દાન મળ્યું

મુન્દ્રા તા.૧૩

દાનવીર અને પરોપકારી કલુભા બનેસંઘજી જાડેજા પરિવાર (આશાપુરા એન્ટરપ્રાઈઝ-મુન્દ્રા) એ સ્વ.બનેસંઘજી હમીરજી જાડેજાની પુણ્યતિથિ નિમિતે મુન્દ્રા પાંજરાપોળ અને ગૌશાળા ને રૂ. ૫૧,૦૦૦ દાન નો ચેક અર્પણ કર્યો હતો, જેને કચ્છ મુન્દ્રા પાંજરાપોળ અને ગૌશાળાના પ્રમુખ નવિનચંદ્ર મહેતા અને



જીતેન્દ્ર દોશીએ સ્વીકારી સંસ્થા વતી દાતા પરિવારનો આભાર માન્યો હતો.

# લાલન કોલેજમાં વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યુ અને નાણાકીય સાક્ષરતા કૌશલ્યની તાલિમ



ભુજ તા.૧૩

ભુજ, અત્રેના અદાણી સ્કિલ ડેવલપમેન્ટ અને લાલન કોલેજના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓમાં ઈન્ટરવ્યુ અને નાણાકીય સાક્ષરતાના હેતુસર ખાસ વર્ગોનું આયોજન કરાયું હતું. કોલેજના ૫૦ જેટલા વિદ્યાર્થીઓ આ કાર્યશાળા તાલીમ ભરી હતી. કોલેજના આચાર્ય ડો ઝાલા અને અધ્યાપક ડો એક્તાબેન જોષીના સહકારથી ઈન્ટરવ્યુ ઉપરાંત નાણાકીય શિસ્ત અને સાક્ષરતા ઉપર વિદ્યાર્થીઓને સમાંતર જ્ઞાન પીરસવામાં આવ્યું હતું. આ તાલીમ કલાસનું આયોજન, વર્ગ સંચાલન અને પ્રશિક્ષણ ભુજ અદાણી સ્કિલ ડેવ.ના પૂર્વીબેન ગોસ્વામીએ આપ્યું હતું.

# નખત્રાણાની કવિયત્રી કસુંબો મેગેઝિન તરફથી "ક" પદકથી સન્માનિત

આણંદપર(યક્ષ)તા.૧૩

નખત્રાણાની યુવા કવિત્રી તેમજ લેખિકા કું.કવિતા મોહનભાઈ સોની ને ગુજરાતના કસુંબો મેગેઝિન તરફથી ઉત્કૃષ્ટ મૌલિક લેખન શૈલી માટે ગૌરવ પુરક "ક" પદક તેમજ સન્માન પત્ર આપી સન્માનિત કરવામાં આવી હતી. નાની વયથી લેખન ક્ષેત્રમાં રૂચિ ધરાવતી કવિતા સોની" કવિ" અગાઉ કચ્છના વિવિધ અખબારોમાં લેખો તેમજ કવિતાઓનું મૌલિક સર્જન કરી



લોકચાહના મેળવી ચુકી છે, કવિતા સોનીએ"ક" પદક મેળવી સોની સમાજનું ગૌરવ વધાર્યું છે તે બદલ તેણીને ચો તરફથી અભિનંદન મળી રહ્યા છે.

# કચ્છના બે વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય કક્ષાએ ડેવલપમેન્ટ કેમ્પમાં પસંદગી પામ્યા



આણંદપર(યક્ષ)તા.૧૩

અમદાવાદ રગ્બી એસો.ઓફ ગુજરાતના સહયોગથી ડી.એચ. એલ.ડેવલપમેન્ટ કેમ્પનું આયોજન આગામી ૨૭ જુલાઈ ૨૦૨૪ સુધી થવાનું છે, જેમાં કચ્છના બે વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય કક્ષાએ આ ડેવલપમેન્ટ કેમ્પ માં પસંદગી પામ્યા છે. પસંદગી પામનારમાં નખત્રાણા તાલુકાના વેરસલપર(રોહા)ના ભીમાણી દીગલ અને ભુજ તાલુકાના નારણપર(રાવરી)ના હિરાણી ધ્રુવનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે રગ્બી એસો.ઓફ ગુજરાતના સેક્રેટરી દીપ રાવલે અને સંસ્થાના કચ્છના પ્રમુખ પ્રીતેશ રૈયાણી તથા સેક્રેટરી વેદાન્ત ધનાણીએ અભિનંદન પાઠવ્યા હતા. આ વિદ્યાર્થીઓ સારું પ્રદર્શન કરશે તો ભવિષ્યમાં તેઓ આંતરરાષ્ટ્રીય કક્ષા સુધી જઈ શકશે એવું વેદાન્ત ધનાણીએ જણાવ્યું હતું.

# આવતી કાલથી કચ્છ યુનિવર્સિટીમાં પ્રથમ વખત ફેકલ્ટી ડેવલપમેન્ટ કાર્યક્રમ યોજાશે

ભુજ તા.૧૩

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી ભુજ અને નોલેજ કન્સોર્સિયમ ઓફ ગુજરાત અમદાવાદના સંયુક્ત ઉપક્રમે આગામી તા.૧૫ જુલાઈ થી ૨૦ જુલાઈ ૨૦૨૪ દરમ્યાન ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું "translation theory and praxis" વિષય પર આયોજન કરવામાં આવ્યું છે. નોલેજ કન્સોર્સિયમ ઓફ ગુજરાતના સહયોગથી કચ્છ યુનિવર્સિટી ખાતે આ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ પ્રથમ વખત આયોજિત થનાર છે. આ સમગ્ર કાર્યક્રમ કચ્છ યુનિ.ના કુલપતિ ડો. મોહન પટેલની અધ્યક્ષતામાં યોજાનાર છે, જેમાં અનુવાદ કલા ક્ષેત્રે જુદા જુદા વિષયના રાષ્ટ્રીય કક્ષાએ એવોર્ડ પ્રાપ્ત કરેલ તજજ્ઞો પોતાના અનુભવનો નિચોડ રજૂ કરશે, આ ફેકલ્ટી ડેવલપમેન્ટ કાર્યક્રમમાં યુનિવર્સિટીના તથા યુનિ. સિવાયના કુલ ૮૬ અધ્યાપકો હાજર રહી સાત દિવસ સુધી અનુવાદ કલા વિશેનો અભ્યાસ કરશે, આ પ્રકારના કાર્યક્રમો અધ્યાપકોને તેમની કારકિર્દીમાં આગળ વધવા માટે તથા તેમના અનુભવમાં વધારો કરવા માટે ઉપયોગી સાબિત થશે, સમગ્ર કાર્યક્રમના સંયોજક તરીકે અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડો.કાશ્મીરા મહેતા રહેશે, તેમની સાથે સહ સંયોજક તરીકે સંસ્કૃત વિભાગના અધ્યાપક ડો.પંકજ ઠાકર રહેશે સાથે કચ્છ યુનિવર્સિટીના શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓનો પણ કાર્યક્રમના આયોજનમાં સહકાર રહેશે, આ કાર્યક્રમના સફળ આયોજન માટે કુલસચીવ ડો અનિલ ગોર માર્ગદર્શન આપી રહ્યા છે

# કે.કે. પટેલ હોસ્પિટલમાં પ્રથમ ન્યુરોઇન્ટરવેન્શન પ્રોસિઝર સફળ

**કચ્છના આરોગ્ય સેવા ક્ષેત્રે એક નવી સિદ્ધિ કે.કે. પટેલ હોસ્પિટલે મેળવી છે, પ્રથમ ન્યુરોઇન્ટરવેન્શન પ્રકિયા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે.૧૫ વર્ષના બાળકની જટીલ સારવાર કરી બીજા જ દિવસે રજા અપાઇ**

ભુજ તા.૧૩

કચ્છે ખાનગી આરોગ્ય ક્ષેત્રે વધુ એક સિધ્ધી મેળવી છે. સુપર સ્પેશિયલિટી હોસ્પિટલમાં પ્રથમ ન્યુરોઈન્ટરવેન્શન પ્રકિયા સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે, જેનાથી કચ્છના આરોગ્ય સેવા ક્ષેત્રે એક નવી સિદ્ધિ સમાન આ કિસ્સો બન્યો છે. આ ઐતિહાસિક સર્જરીનું નેતૃત્વ કચ્છના સૌપ્રથમ ઈન્ટરવેન્શનલ રેડિયોલોજિસ્ટ ડૉ. તેજેન્દ્ર અશોક ખટાઉ રામાણી (જે મૂળ રહેવાસી ભુજના) છે તેમણે કરી હતી જે કચ્છના રહેવાસીઓ માટે અદ્યતન તબીબી સારવારનો નવો યુગ દર્શાવે છે.આવી પીનહોલ(સોય જેટલ છેદ) દ્વારા થતી ઘણી પ્રોસિઝર જેવી કે વેરીકોઝ વેઈન, પગની નસોમાં બ્લોક, પગનું ગેંગરેંગ થવું, ગર્ભાશય, થાઈરોઈડ તથા પ્રોસ્ટેટ ની ગાંઠ,લોહીની નસો ફૂલ્લવી કે ફુગ્ગા જેવી દેખાવી, લોહીની નસોમાં ગુંચવાડો વગેરે પ્રોસિઝર હવે તેના માટે કોઈ બીજે કે મોટા શહેરોમાં જવાની જરૂર રહેતી નથી. કે. કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલને તેની આધુનિક તબીબી ક્ષેત્રની ટેકનોલોજી અને નિષ્ણાત ડોક્ટરો, નર્સો અન્ય મદદનીશ સ્ટાફની ટીમ માટે કચ્છની પ્રજા માટે ઉપલબ્ધ હોવાનો વિશ્વાસ આપ્યો હતો.સાથે ઘરઆંગણે વિશ્વ સ્તરીય આરોગ્ય સેવાઓ લાવવા કટ્ટીબંધતા દર્શાવી હતી.

## ન્યુરોઈન્ટરવેન્શન શું છે ? કઈ રીતે સફળ થયુ

ન્યુરોઈન્ટરવેન્શન એ મગજની અને કરોડરજ્જુની બીમારી છે જેમાં એન્યુરિઝમ્સ (મગજની નસો ફુલાઈ જાય અથવા ફુગ્ગા જેવી દેખાય), સાથે (લોહી ને મગજ સુધી પોહચાડતી નસનું બંધ થવું),(લોહીની નસનો ગુંચવાડો), સ્ટ્રોક (લકવાની અસર) અન્ય ન્યૂરોવાસ્ક્યુલર ડિસઓર્ડર્સ જેવા જટિલ ન્યુરોલોજિકલ પરીસ્થિતિઓની સારવારકે જેમાં કોઈ પણ જાતની ચીરફાડ વગર માત્ર પીનહોલ(સોય જેટલા છેદ) દ્વારા કરવામાં આવતી પ્રક્રિયાઓ કરવામાં આવે છે.આવીજ બિમારી સાથે આવેલા ન્યૂરોઈન્ટવેન્શનલ રેડિયોલોજિસ્ટ દ્વારા ૧૫ વર્ષના બાળકનું ન્યુરોઈન્ટરવેન્શન પ્રોસિઝર કરવામાં આવી હતી જેમાં ગળાની નસ અને મગજની નસ બંને નસો ડાબી આંખની પાછળ આકસ્મિત રીતે જોડાઈને ફુલાઈ ગયેલી હતી. તેથી આંખ પર દબાવ પડતા આંખમાં લાલાશ અને આંખ નો ડોળો બહાર આવી ગયો હતો. આ પરિસ્થિતિમાં જો દર્દી સમયસર સારવાર ના લે તો આંખની દ્રષ્ટિ પણ ગુમાવી શકે તેવી ગંભીર પરિસ્થિતિ નિર્માણ થઈ હતી. તેવા સમય માં કે. કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના નિષ્ણાંત ડૉ. તેજેન્દ્ર રામાણી તથા તેમની ટીમ દ્વારા કોઈ પણ જાતનો ચીરો કે કાપ વગર માત્ર પગની નસમાં પીનહોલ (સોય જેટલો છેદ) કરીને મગજ સુધી પહોંચીને આ ગૂંચડાને કોઈલિંગ દ્વારા બંધ કરી દેવામાં આવ્યો અને માત્ર એક દિવસ નો રાત્રિ રોકાણ કરી ને બીજા દિવસે દર્દીને રજા (ડિસ્ચાર્જ) કરી દીધું હતું.

### કચ્છ જિલ્લામાં ૨૭મી જુલાઈ સુધી હથિયારબંધી

ભુજ તા.૧૩

ચાલુ જુલાઈ-૨૦૨૪ માસ દરમિયાન કચ્છ જિલ્લામાં યોજાનાર ધાર્મિક તહેવારો, મેળાઓ તથા ઉત્સવોની ઉજવણી અંતર્ગત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે, કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ સુલેહ શાંતિ જળવાઇ રહે તે માટે સાવચેતીના પગલાંરૂપે ગુજરાત પોલીસ અધિનિયમ અન્વયે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ મિતેશ પંડયાએ તા.૨૭/૦૭/૨૦૨૪ સુધી સમગ્ર કચ્છ જિલ્લામાં હથિયારબંધીનો આદેશ જાહેર કર્યો છે. આ જાહેરનામા અન્વયે હથિયાર લઇ જવાની ફરજ હોય, પરવાનગી આપી હોય કે અધિકૃત કરેલ હોય તે સિવાયની કોઇ વ્યકિત જાહેરનામા ના કોઇ પણ ખંડનો ભંગ કરનારને ઓછામાં ઓછી ૪ માસની અને વધુમાં વધુ ૧ વર્ષની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

# આધુનિક સાધનો છતાં ખેતીમાં આજે પણ બળદની જરૂર

આણંદપર(યક્ષ)તા.૧૩

દિવસા દિવસ ખેતીમાં આધુનિકતા આવતી જાય છે,છતાં પણ અમુક કામોમાં ખેડૂતોને જુની પધ્ધતિ અપનાવી પડી રહી છે. ખેતીમાં ટ્રેકટર આવ્યા પછી ઘણી સવલતો થઇ,પણ જયારે પાકના વાવેતર પછી પાકમાં ઘાસ ઉગી નીકળે છે ત્યારે કાંતો બળદ અથવા મજુરો દ્વારા કાઢવું પડે છે, લોકો દ્વારા ઘાસ કાઢવામાં આવે એને નિંદામણ કહેવામાં આવે છે.જયારે બળદ દ્વારા ઘાસને કાઢવામાં આવે તો વિખેડા કાઢવામાં આવ્યા એમ કહેવામાં આવે છે.

હાલ ખેડુતો દ્વારા મગફળી અને કપાસનું વાવેતર કરવામાં આવેલ છે, થોડા દિવસ પહેલા વરસાદ વરસતા મીઠું પાણી મળતા કપાસ તેમજ મગફળીના પાકમાં ઘાસ ઉગી નીકળ્યું હોવાથી આ ખડને લોકો દ્વારા નિંદામણ કરાવવું પડે



છે, અથવા તો બળદ દ્વારા વિખેડીને કાઢવામાં આવે છે.

આ વિશે અહીંના ખેડુત કિરીટ પોકાર જણાવે છે કે હાલ મગફળી તેમજ કપાસના પાકમાં ઘાસ ઉગી નીકળતા હાલ આ ઘાસને કાઢવા ખેડુતો જોતરાયા છે, બળદ દ્વારા ઘાસ કાઢવું હોય તો એકરના ૪૦૦ રૂપિયા મજુરી લાગે છે, બળદ દ્વારા એક દિવસમાં ત્રણ એકરમાં વિખેડા કાઢવામાં આવે છે, જયારે મજુર લોકોને એક એકરમાં ત્રણથી ચાર દિવસ લાગે છે,પહેલાં બે બળદથી વિખેડા કાઢવામાં આવતા હતા, જેમાં મગફળીમાં વિખેડા કાઢતી વખતે બે માણસોની જરૂર પડતી હોય છે.જયારે કપાસમાં વિખેડા કાઢવા હોય તો એક માણસની જરૂર પડે છે, હાલ કપાસમાં આણંદપર(યક્ષ)ના ખેડુત દ્વારા વિખેડા કાઢવામાં આવી રહ્યા છે.

# નવા કાયદા અંગે લોકોને માહિતગાર કરવા દૂધઈ પોલીસે નવાગામમાં કાર્યક્રમ યોજ્યો



રાપર તા.૧૩

પોલીસ વડાઓના માર્ગદર્શન હેઠળ દુધઈ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ એમ ઝાલા તથા પોલીસ સ્ટાફ દ્વારા નવાગામ માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક શાળા મધ્યે નવા કાયદા અંગે જાગૃતિ આપતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં નવાગામ તથા આજુ બાજુના ગામના સરપંચો તથા આગેવાનો તથા ગ્રામજનો હાજર રહ્યા હતા. પીએસઆઈ ઝાલાએ નવા કાયદા જાગૃતતા અભિયાન અંતર્ગત નવા કાયદાઓ ભારતીય ન્યાય સંહિતા, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, અને ભારતીય સાક્ષ્ય અધિનિયમની વિવિધ જોગવાઈઓથી લોકોને માહિતગાર કરી માર્ગદર્શન આપ્યું હતું, તથા સાયબર ક્રાઇમ અવેરનેસ હેલ્પલાઇન નંબર ૧૯૩૦, ટ્રાફીક અવેરનેસ, નાર્કોટિક્સ ડ્રગ્સ હેલ્પલાઇન નંબર ૧૯૦૮ અંગે માહિતગાર કરી ટ્રાફિકના નિયમો વિશે જાણકારી આપી હતી જ્યારે દુધઈ પો.સ્ટે. શી ટીમ દ્વારા બાળકોને ગુડ ટચ બેડ ટચ અંગે તેમજ મહિલા સુરક્ષા અભયમ ૧૮૧ અંગેની માહિતી આપવામાં આવી હતી

# પશ્ર્ચિમ બંગાળનાં બે યુવાનો ૩ વર્ષે ઘરે પહોંચ્યા

ભુજ તા.૧૩

પશ્ર્ચિમ બંગાળનાં બે યુવાન સૌરભ ઉ.વ. ૨૫ રહેવાસી પૂર્વ મેઝરીપુર તથા અનુપ મદાસ ઉ.વ. ૪૦ રહેવાસી પૂર્વ મેઝરીપુર ગુમ થતાં બંનેના અલગ-અલગ પરિવારજનોએ તેમની સતત શોધ ચલાવી હતી. આખરે રખડતો- ભટકતો સૌરભ ૩ વર્ષ પછી બાયડના જય અંબે મંદબુદ્ધિ સમાજ સેવા આશ્રમ મધ્યે જયારે અનુપમદાસ સાડા ત્રણ વર્ષ પછી સોમનાથનાં નિરાધારનો આધાર માનવસેવા આશ્રમ મધ્યે પહોંચ્યા હતા. ત્યાંનાં સંચાલકોએ તેમની ખૂબ જ સારી સેવા કરી.

માનવજયોત સંસ્થા ભુજ સંચાલિત શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા- કચ્છનાં સામાજિક કાર્યકર રીતુ વર્મા બંને આશ્રમોની મુલાકાતે ગયેલા ત્યારે આ બંને યુવાનોને ભુજ લઇ આવ્યા. શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા મધ્યે તેમની સારી સારવાર થઇ. પશ્ચિમ બંગાળ પોલીસની મદદથી બંને યુવાનોનાં ઘર શોધવામાં સફળતા મળી. આનંદ - ઉલ્લાસ સાથે ભુજની માનવજયોત સંસ્થામાં વીડીયોકોલ કરી પરિવારની વ્યક્તિઓની ખાત્રી મેળવી. બંને પરિવારો ભુજ આવી પહોંચ્યા. ત્રણ-ત્રણ વર્ષ પછી બંને યુવાનોનું પરિવારજનો સાથે મિલન થતાં ભાવુક દ્રશ્યો સર્જાયા હતા. સૌરભનો પરિવાર નબળી પરિસ્થિતિનો હોવાથી માનવજયોત સંસ્થાએ પરિવારને આવવા-જવાનો ખર્ચ પણ આપ્યો હતો. આખરે બંને યુવાનો પોતાનાં ઘર-પરિવાર સુધી પહોંચ્યા છે. પરિવારમાં ખુશી છવાઇ છે. માનવતાનાં આ કાર્યમાં પ્રબોધ મુનવર, પૃથ્વીરાજસિંહ જાડેજા,આનંદ રાયસોની,શંભુ જોષી, દીપેશ શાહ, સહદેવસિંહ જાડેજા, કનૈયાલાલ અબોટી, રફીક બાવા સહભાગી બન્યા હતા.

### ભીમાસર ભુટકીયાની વાડીના કુવામાં પડી ગયેલ શિયાળનું સફળ રેસ્કયુ કરાયું



રાપર તા.૧૩

તાલુકાના ભીમાસર ભુટકીયા વાડી વિસ્તાર માં ૭૫ ફૂટ ઊંડા કુવામાં પડી ગયેલ શિયાળનું ૨૬ કલાકની જહેમત બાદ શિયાળનું સફળ રેસ્ક્યુ ઓપરેશન પાર પડ્યું હતું, આ કામગીરી રાપર દક્ષિણ રેન્જના આર.એફ.ઓ સતિષ જેઠાના વડપણ હેઠળ તેમના વન વિભાગના કર્મચારીઓએ જહેમત ઉઠાવી શિયાળનો જીવ બચાવવા સફળતા મેળવી હતી.

# રાપરમાં રખડતા ઢોરોને પકડી પાંજરાપોળ અને ગૌશાળામાં મોકલાશે

રાપર તા.૧૩

રાપર શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં રખડતા ઢોરો અને આંખલાઓના ત્રાસના લીધે લોકો અને જાનમાલને નુકશાન ના થાય તે માટે જિલ્લા કલેકટર અમિત અરોરા અને ભચાઉ પ્રાંત અધિકારી બાલમુકુંદ સુર્યવંશીના માર્ગદર્શન હેઠળ રાપરના ઈન્ચાર્જ મામલતદાર શિવાભાઈ રાજપૂત અને નગરપાલિકાના ચીફ ઓફિસર રવાજી જાડેજા ની અધ્યક્ષતામાં રાપર તાલુકાની તમામ પાંજરાપોળ અને ગૌશાળાના પદાધિકારીઓની બેઠક યોજવામાં આવી હતી જેમાં, નગરપાલિકાના મહેશ સુથાર, કાનજી ડોડીયા વિગેરે કર્મચારીઓને શહેરમાં રખડતા



આંખલા અને ઢોરોને પકડી પાંજરાપોળ અને ગૌશાળામાં ભાગે પડતા મોકલી આપ વા માટે જણાવાયું હતું, આ આંખલાઓ અને ઢોરોને ટેગ લગાવી મોકલવામાં આવશે, ઉપરાંત માલિકીના ઢોરો માટે કડક ચેતવણી અપાશે, માલિકીના ઢોરો જો શહેરમાં ક્યાંય રખડતા મળશે તો કડક પોલીસ કાર્યવાહી કરવામાં આવશે. તેમજ ગૌશાળા અને પાંજરાપોળમાં મોકલવામાં આવશે, તે તમામ ઢોરો અને આંખલાઓને ટેગ કરવામાં આવશે અને સરકાર દ્વારા સબસિડી મળી રહે તે માટે કાર્યવાહી કરવામાં આવશે તેવું મામલતદાર રાજપૂતે જણાવ્યું હતું

# રાપર વન વિભાગના નિવૃત થતાં વનપાલોને વિદાયમાન અપાયું





રાપર તા.૧૩

ગત મહિને નિવૃત થયેલા અનેક સરકારી વિભાગોના વયમર્યાદાના કારણે નિવૃત થયેલા અધિકારીઓ, કર્મચારીઓને વિદાયમાન આપવામાં આવ્યું હતું, તે અન્વયે રાપર વન વિભાગના દક્ષિણ રેન્જના વનપાલ વાસુદેવ જોશી, રાપર ઉતર રેન્જના વનપાલ મોહન કોળી, અને પ્રભુભાઈ કોળીને વિદાયમાન આપવા દક્ષિણ રેન્જ ના આર. એફ. ઓ સતિષભાઈ જેઠા, અને રાપર ઉતર રેન્જના ચેતન પટેલના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં નિવૃત થઈ રહેલા વનપાલો કે, જેઓએ જિલ્લામાં જુદી જુદી રેન્જ તથા બીટ પર ફરજ બજાવી હતી તેમને મોમેન્ટો આપી વિદાય સન્માન કરાયું હતું, આર.એફ. ઓ સતિષભાઈ જેઠાએ નિવૃત્ત થઈ રહેલા કર્મચારીઓએ વન વિભાગમાં સેવા આપી તે પ્રસંશનિય રહી છે તેવું જણાવી તેમનું નિવૃત્તિ જીવન સુખમય, આનંદમય બની રહે તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે રાપર વન વિભાગના કર્મી, સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાપરથી પોતાના વતન બદલીને જતાં શિક્ષકને વિદાયમાન અપાયું



રાપર તા.૧૩

શહેરની સૌથી જૂની પ્રાથમિક શાળા નંબર એક, જેની સ્થાપના ૧૮૫૭માં કરવામાં આવી હતી, આ જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળામાં ઓગણીસ વરસથી શિક્ષક તરીકે ફરજ બજાવતા પિયુષ ચૌહાણની માદરે વતન અમદાવાદ જિલ્લાના ધોલેરા તાલુકાના સર ગામે બદલી થતાં તેમને વિદાયમાન આપવા ઈન્ચાર્જ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી આંબા મકવાણા, બીઆરસી અશોક ચૌધરીના અધ્યક્ષ સ્થાને વિદાય સમારંભ યોજાયો હતો.

જેમાં શાળાનો સ્ટાફ તથા વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અને શિક્ષક તરીકે પિયુષ ચૌહાણની સેવાઓ ને બિરદાવી શાળા પરિવાર દ્વારા મોમેન્ટો અને શ્રીફળ-સાકર સાથે શુભેચ્છાઓ પાઠવી હતી. યોજાયેલા કાર્યક્રમમાં માજી આચાર્ય મનસુખ ઠક્કર, ઈન્દ્રગર સવ, રમેશભાઈ, દશરથભાઈ, ડી પી રાઠોડ, હરેશભાઈ, બિપીનભાઈ, મંજુલાબેન,પુષ્પાબેન,ગોવિંદભાઈ, ચેતન સુથાર, વેલજી પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

### કેન્દ્રના ધોરણે રાજ્યના શિક્ષકો અને કર્મચારીઓને ઘરભાડા દરમાં કેટેગરી મુજબ વધારો કરવા માંગ

ભુજ તા.૧૨

રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખી મોંઘવારીના દર ૫૦% થતા સાતમાં પગારપંચની ભલામણ અનુસાર કેન્દ્રીય કર્મચારીઓની જેમ રાજ્યના સરકારી તેમજ અનુદાનિત પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો તેમજ કર્મચારીઓને કેન્દ્રના ધોરણે ઘરભાડા દરમાં કેટેગરી અનુસાર વધારો કરવા તથા નિવૃત્તિ સમયે મળવાપાત્ર ગ્રેજ્યુટીની મર્યાદા ૨૦ લાખથી વધારી ૨૫ લાખ કરવા અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતના અધ્યક્ષ ભીખાભાઈ પટેલ તેમજ મહામંત્રી મિતેષ ભટ્ટે દ્વારા રજૂઆત કરાઇ છે. આ રજૂઆતને કચ્છના શૈક્ષિક મહાસંઘના તમામ સંવર્ગો આવકારે છે એવું રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ કચ્છ ગ્રાન્ટેડ માધ્યમિક અધ્યક્ષ અલ્પેશ જાનીની યાદીમાં જણાવવામાં આવેલ હતુ.

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act

આજે શાર્ક જાગૃતિ દિવસ

# વર્ષ ૨૦૦૧ સુધીમાં મોટી સંખ્યામાં તેનો શિકાર કરવામાં આવતો હતો



શાર્ક જાગૃતિ દિવસ દર વર્ષે ૧૪ જુલાઈના રોજ ઉજવાય છે. સમુદ્રમાં વધી રહેલા પ્રદુષણથી આ મહાકાય જળચર જીવના અસ્તિત્વ ઉપર પણ જોખમ સર્જાયુ છે. જ્યારે આપણ સમુદ્રના જોખમો વિશે વાત કરીયે છે ત્યારે શાર્ક પણ ચોક્કસપણે આ યાદીમાં સામેલ છે. શાર્ક જાગૃતિ દિવસ એ નિર્દોષ માછલીઓ પર રડવાનો દિવસ નથી પણ તેમના અસ્તિત્વ વિશે ચિંતા કરવાનો દિવસ છે. શાર્ક અવેરનેસ દિવસ શાર્ક માછલીના સંરક્ષણ અને સંવર્ધન માટે જાગૃતિ ફેલાવવા ઉજવાય છે. શાર્કની ૧૨૦૦ થી વધુ પ્રજાતિઓ છે, જો કે વર્ષ ૨૦૨૩ માં એક તૃતીયાંશ કરતાં વધુ પ્રજાતિઓનું અસ્તિત્વ જોખમમાં છે. વન સંરક્ષક કચેરી ગુજરાત વડે જણાવાયું છે કે વ્હેલ શાર્ક, રીક્રોડોન્ટાપસ એ રીક્રોડોન્ટીડેઈ પરિવાર, ઓરકોટોલોવીફોર્મસના ક્રમની પ્રજાતિની વિશ્વની સૌથી મોટી માછલી છે.

વ્હેલ શાર્ક ખુબ જ સરળતાથી ઓળખી શકાય તેવો દેખાવ ધરાવે છે. તે સપાટુ મોટું માથું, વિશાળ મોઢું, ઘેરા રંગની ત્વચા ઉપર હળવા રંગના ચકામાં અને પેટનો સફેદ ભાગ ધરાવે છે. તેના જીવન તથા આદતો વિશે ઘણું ઓછું જાણી શકાયું છે. તે ખુલ્લા સમુદ્રી વિસ્તાર અને ઉષ્ણકટિબંધીય જળ વિસ્તારમાં રહે છે અને દરિયાઇ જીવોનો શિકાર કરે છે. તે જ્યારે પુખ્ત વયની થાય ત્યારે તેનું વજન ૩૫ ટન સુધી વધી શકે છે અને તેની લંબાઇ ૨૦ મીટર સુધી થઇ શકે છે. તેનું આયુષ્ય ૬૦થી ૧૦૦ વર્ષનું હોય છે. વ્હેલ શાર્કનું કદ વિશાળ હોવા છતાં માનવ સમુદાય માટે બિનહાનીકારક છે. વ્હેલ શાર્કને કુદરતે રક્ષણાત્મક ગુણો આપ્યા છે. તે પોતાની જાડી ઢાલ જેવી ચામડીનો ઉપયોગ પોતાના રક્ષણ માટે કરે છે. વ્હેલ શાર્ક ઘણાં મોટા જળવિસ્તારમાં ફેલાયેલી છે અને તેની વસતી વિશ્વના ઉષ્ણકટિબંધીય જળવિસ્તાર તેમજ સમશીતોષ્ણ હુંફાળા સમુદ્રોમાં જોવા મળે છે. અત્યાર સુધી આ જીવને સંબંધિત, તેની શારિરીક રચનાઓ અને જીવન અંગેની બહુ ઓછી માહિતી પ્રાપ્ત થઇ શકી છે. અન્ય શાર્ક પ્રજાતિઓની જન્મજાત જૈવિક વિલક્ષણતાઓ જેમ કે વિશાળ કદ, ધીમી-વૃદ્ધી, લાંબા સમયે આવતી પરિપક્વતા, લાંબું આયુષ્ય જેવા કારણોથી તેમની વસતી મર્યાદીત રહી છે તેમજ તેના શિકાર- શોષણનો મામલો પણ અત્યંત સંવેદનશીલ છે. વ્હેલ શાર્કની જૈવિક લાક્ષણિકતાઓને લીધે એ વાત નક્કી છે કે જો તેમનું વધુ શોષણ-શિકાર કરવામાં આવે તો આ પ્રજાતિને ઉગરવામાં ઘણો જ સમય લાગી જાય તેમ છે.આગાઉ વ્હેલ શાર્કની પ્રજાતિને સંરક્ષિત પ્રજાતિમાં સામેલ કરવામાં નહોતી આવી અને વર્ષ ૨૦૦૧ સુધીમાં મોટી સંખ્યામાં તેનો શિકાર કરવામાં આવતો હતો. ભારતીય સરકારના વન અને પર્યાવરણ વિભાગે ભારતીય જળ સીમામાં વ્હેલ શાર્કને સંપૂર્ણ કાયદાકીય સંરક્ષણ પુરું પાડ્યું છે. સરકારે વર્ષ ૨૦૦૧ની ૨૮મી મેના રોજ વન્યજીવન(સંરક્ષણ) એક્ટ,૧૯૭૨ની કલમ ૬૧ની પેટાકલમ(૧)નાં શિડ્યુઅલ-૧માં વ્હેલ શાર્કને સામેલ કરી છે.



જાણ્યું અજાણ્યું
ડો.મિહિર એમ.વોરા

ભારતીય કાયદા દ્વારા સંરક્ષિત જાહેર કરાયેલી આ સર્વપ્રથમ માછલી છે. વન વિભાગ દ્વારા વર્ષ ૨૦૦૧થી ગુજરાતના દરિયાઇ વિસ્તારોમાં આ ખાસ પ્રકારના દરિયાઇ જીવના સંરક્ષણ અને રક્ષણ માટે સઘમ પ્રયાસો હાથ ધર્યા છે. જે માટે દરિયાઇ જળવિસ્તાર ધરાવતા તાલુકાઓ વેરાવળ અને સુત્રાપાડા તથા જુનાગઢનાં માંગરોળ તાલુકાઓ અને ખારવા તેમજ કોળી સમાજ ઉપર વધુ ધ્યાન કેન્દ્રીત કરાયું છે. જ્યારે વ્હેલ શાર્કને સંરક્ષિત પ્રજાતિ જાહેર કરાંતા અને તે અંગેનું જાહેરનામું બહાર પડાતાં સમાજમાંથી મીશ્ર પ્રત્યાઘાતો સાંપડ્યાં હતા. વ્હેલ શાર્કને સંરક્ષિત પ્રજાતિ જાહેર કરાયાં અંગે ખારવા સમાજ અને તેની વિરુદ્ધના સમાજને લક્ષ્યમાં રાખી વ્હેલ શાર્ક અંગે જાગૃતિ લાવવી, માછીમાર સમાજ અને શહેરી અંતરીયાળ વિસ્તારોના નાગરિકો સુધી પહોંચવું એ ઘણું જ કપરું કાર્ય છે, જેના પરિણામે ગુજરાત સરકારે વળતર યોજના બનાવી. વન અને પર્યાવરણ વિભાગના જાહેરનામા જીઆર નં.ુર્ક્ક્ષ - ૨૦.૦૬ - ૧૪૬૧- ષ્ન – ૧, તા.૨૧/૧૨/૨૦૦૬ અને ઉંન/૧૦૧૧/૧૫૧૧/ઉજ્ઢકજ્ઞરૈદૃઢક્ષ્ઢઅ/ષ્ઠહજ્ઞરૈહક્ષ્ઢ/તા.૧૫/૦૩/૨૦૧૨ મુજબ બચાવ કાર્ય દરમિયાન જો માછીમારની જાળને નુકસાન થાય કે કાપવી પડે તો ભારતીય ચલણ રૂપિયા રૂ.૨૫,૦૦૦થી વધુ નહીં તેટલું વળતર ચૂકવવામાં આવશે.વ્હેલ શાર્કના સંરક્ષણ અર્થે નીચે પ્રમાણેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

બચાવ અભિયાન દ્વારા ગુજરાતના સમુદ્રી વિસ્તારમાં વ્હેલ શાર્કનું સંરક્ષણ અને રક્ષણ કરવું વ્હેલ શાર્ક ગર્વ લેવા જેવી પ્રજાતિ હોવા અંગે માછીમાર સમાજને સભાન કરવા એવી રીતે જાગૃતિ અભિયાન ચલાવવું કે જેથી કરીને જે તે વિસ્તારના સ્થાનિક લોકો ઉપરાંત અન્ય નાગરિકો પમ વ્હેલ શાર્કના સઘન રક્ષણ માટે પ્રેરાય. વ્હેલ શાર્કની જૈવિક ગતિવીધિઓ ખાસ કરીને તેઓ ક્યાં વસવાટ કરવાનું પસંદ કરે છે, કયા કયા ખંડોમાં સ્થળાંતર કરે છે, જનીન બંધારણ અને વ્હેલ શાર્કની વસતીગણતરીનો અભ્યાસ કરવો. લોકઝુંબેશ તથા જાગૃતિ અભિયાન થકી વ્હેલ શાર્કના બચાવ કાર્ય તેમજ સંરક્ષણના મહત્વ અંગે સામાન્ય નાગરિકોમાં લોકજાગૃતિ આણવી. જ્યારે માછીમારી બોટ કે ટ્રેલરની જાળમાં વ્હેલ શાર્ક સપડાય ત્યારે બોટ કે ટ્રેલરના કર્મચારીઓ દ્વારા જમીન ઉપર તેની માહિતી મોકલવામાં આવે છે.

આ માહિતીને વન વિભાગની રેન્જ ઓફિસ સુધી મોકલવામાં આવે છે. જેના આધારે બચાવ કાર્ય હાથ ધરવા માટે ઉપલબ્ધ બીટ ગાર્ડો, સ્થ-ાનિક શ્રમજીવીઓ, મત્સઉદ્યોગના કર્મચારીઓ, બોટ અને અન્ય જરૂરી સાધન સરંજામ એકઠા કરવામાં આવે છે. બચાવ નાવ વ્હેલ શાર્ક જે સ્થળે જાળમાં ફસાઇ છે ત્યાં જવા નીકળે છે અને ત્યાં પહોંચ્યા બાદ કર્મચારીઓ, સ્વયંસેવીઓ અને કામદારો જાળ કાપીને માછલીને મુક્ત કરે છે. સમગ્ર બચાવ અભિયાનનું દસ્તાવેજીકરણ(વિડીયોગ્રાફી અથવા ફોટોગ્રાફી) કરવામાં આવે છે અને તે મુજબ વળતર ચૂકવવામાં આવે છે. વર્ષ ૨૦૧૨થી સ્વયં દસ્તાવેજીકરણ યોજના પણ અમલી બનાવવામાં આવી છે, જે અંતર્ગત માછીમારો ખુદ જાળમાં ફલાયેલી અને મુક્ત કરતી વખતેના વ્હેલ શાર્કના ફોટોગ્રાફસ લઇ શકે છે. જ્યારે દરિયો ખેડી પરત આવે ત્યારે તેઓ આ માહિતી અને ફોટોગ્રાફસ જમા કરાવે છે અને તેમને વળતર મળી જાય છે. વન વિભાગે માજીમાર સમાજમાં જાગૃતિ લાવવાના પ્રયાસોને વધુ તેજ બનાવ્યાં છે અને તેના પરિણામે તેથી જ ર્ફ્;શિકારીઓ રક્ષકો'' બન્યાં છે. આજની તારીખે જુનાગઢ વન વિભાગ દ્વારા બચાવ અભિયાન થકી ૪૧૨ વ્હેલ શાર્કને સફળતાપૂર્વક બચાવી અને દરિયામાં મુક્ત કરવામાં આવી છે. એક પ્રજાતિ કે જેનો આડેધડ ખાત્મો બોલાવવામાં આવતો હતો અને નાશ થવાના આરે હોય તેવી સંવેદનશીલ પ્રજાતિઓની યાદીમાં સામેલ થયેલી વ્હેલ શાર્કને છ વર્ષના ટૂંકા સમયગાળામાં જ કાયદાકીય રીતે સંરક્ષિત પ્રજાતિમાં સામેલ કરાઇ છે અને દરિયાઇ સંરક્ષણ તથા દરિયાઇ જીવસૃષ્ટિને અદ્ભૂત રીતે પ્રદર્શીત કરે છે. જાહેર ખાનગી ભાગીદારી એ પણ નાશપ્રાય દરિયાઇ પ્રજાતિઓના સરંક્ષણમાં ઘણી જ મહત્વની ભૂમિકા ભજવી છે.

આ દિશામાં સફળતા મેળવવા વન વિભાગ વાઇલ્ડ લાઇફ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયા, ટાટા કેમિકલ્સ અને સ્થાનિક માછીમાર સમાજના સહકારથી સખત પ્રયાસો કરી રહ્યો છે. સુપ્રસિદ્ધ રામકથાકાર અને ધાર્મીક આગેવાન પૂજ્ય મોરારી બાપુને વ્હેલ શાર્કના સંરક્ષણ અર્થે એમ્બેસેડર(સંદેશ વાહક-પ્રેરક) બનાવવામાં આવ્યા છે. તેમણે માછીમાર સમાજને વ્હેલ શાર્કને બચાવવાની અપીલ કરી છે. પૂ.મોરારીબાપુએ વ્હેલ શાર્કની સરખામણી બાળકને જન્મ આપવા માટે પોતાના પિયર આવતી દીકરીના રૂપમાં કરીને માછીમારોને વ્હેલ શાર્કને બચાવવા અપીલ કરી છે. તેમની ધાર્મીક ટહેલની સકારાત્મક અસરને પરિણામે સ્થાનિક માછીમારોમાં વ્હેલ શાર્કને બચાવવાની લાગણી વધી રહી છે.

## બીજા વર્ષમા મંગળ પ્રવેશે હાર્દિક શુભેચ્છા

આજના ઝડપી સમાચારોના યુગ સાથે તાલમેલ મેળવી ન્યૂઝ 4 કચ્છ દૈનિક સમાચાર પત્ર એ અખબાર સાથે વેબસાઈટ તેમ જ વીડિયો ન્યૂઝ ના માધ્યમથી એક વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ હાર્દિક શુભેચ્છાઓ. કચ્છ અને કચ્છ બહાર રહેતા કચ્છીઓ સુધી પહોંચેલ આ માધ્યમ કચ્છના પ્રશ્નો ને હજી પણ વધુ વાચા આપે એવી શુભેચ્છા

શ્રી કચ્છી વિસા ઓસવાળ જૈન મહાજન, સ્નેહ-સેવા-શિક્ષણ, ભુજ કચ્છ

:: શુભેચ્છક ::



**જીગર તારાચંદભાઈ છેડા**
પ્રમુખ, શ્રી સર્વ સેવા સંઘ (કચ્છ)
પ્રમુખ, શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મહાજન, ભુજ

## વાંચકોનો ખુબ ખુબ આભાર

ન્યુઝ4કચ્છ દૈનીકે સફળતા પુર્વક એક વર્ષ પુર્ણ કરી બીજા વર્ષમા મંગળ પ્રવેશ કર્યો છે એક વર્ષના સફર દરમ્યાન વાંચકોએ ખુબ સારો પ્રેમ આપ્યો અને ન્યુઝ4કચ્છ એ પણ પ્રજાના પ્રશ્નો ઉઠાવવાથી લઇ સામાજીક-રાજકીય અને દરેક એવા પ્રશ્નો જે લોકોને સ્પર્શે છે તે સામાન્ય માણસોથી લઇ તંત્ર સુધી પહોંચાડવાનો પ્રયત્ન કર્યો. ત્યારે આવનારા સમયમાં પણ તમારો સહયોગ આજ રીતે મળતો રહેશે તેવી અપેક્ષા છે.તમારા વિસ્તારમાં તમારી આસપાસ બનતી ઘટના અમારા સુધી પહોચાડી આપ પણ અમારા ન્યુઝ4કચ્છ પરિવારનો હિસ્સો બની શકો છો..ન્યુઝ પેપર સાથે વેબસાઇટ,યુટ્યુબ સહિત અન્ય ઝડપી સમાચાર મેળવવા માટે 9687605579 પર મેસેજ કરો અથવા નીચે આપેલ બારકોડ સ્કેન કરી તમે અમારા વોટ્સઅપ ગ્રુપમા જોડાઇ શકો છો. સહકાર બદલ વાંચકોનો આભાર

ન્યુઝ 4 કચ્છ 'વાત કચ્છીયતની' આભાર ટીમ ન્યુઝ4કચ્છ પરિવાર ન્યુઝ 4 કચ્છ 'વાત કચ્છીયતની'

અમારા સંપર્ક માટે મોબાઇલ-9687605579,7874889933
ઇમેઇલ-news4kutchinfo@gmail.com

તમારા કિંમતી સુચનો અને સહકાર અમારા માટે અગત્યના રહેશે

CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE

# હવે જાહેર રોડ પર મોટર સાયકલના સ્ટંટ કરવાનું રહેવા દેજો

ગાંધીધામ તા.૧૩

ભચાઉ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખારોઈ ભચાઉ હાઈવે પર ભયજનક રીતે વાહન હંકારી રીલ બનાવનાર ઈસમોને ભચાઉ પોલીસે લાલ આંખ બતાવી છે. જાહેર જગ્યાઓ પર ભયજનક રીતે વાહનો હંકારી વિડીયો બનાવી સોશીયલ મીડીયામાં વાયરલ કરી લોકોમાં ભયજનક વાતાવરણ ઉભુ કરનાર ઈસમો પર પોલીસ નજર રાખી રહી છે.





થોડા દિવસ અગાઉ ભયજનક રીતે મોટર સાઈકલ હંકારી વિડીયો બનાવી સોશીયલ મીડીયા ઈન્સ્ટાગ્રામ ઉપર વિડીયો અપલોડ કરી ભયજનક વાતાવરણ ઉભું કરનાર પ્રકાશ ભીખા કોલી (રહે.માય તા.ભચાઉ) અને ભાવેશ વાઘા લાલાણી (રહે.ચોબારી) બંન્ને ઈસમોને ભચાઉ પોલીસ સ્ટેશન લાવી વિડીયોની ખરાઈ કરતા ઉપરોક્ત વિડીયો તેમણે જ મોજ શોખ ખાતર બનાવેલ છે, તે જણાઈ આવતા આ બંન્ને નબીરા વિરૂધ્ધ ભચાઉ પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી, વધારામાં બંન્નેની મોટર સાઈકલો ડીટેઈન કરાતાં રીલ બનાવી બહાદુરી બતાવવાનું ભારે પડ્યું હતું.

એક જાહેર અપીલમાં પોલીસે જણાવ્યું હતું કે,મીડીયામાં જાહેર જગ્યાઓ પર ભયજનક રીતે વાહનો હંકારી વિડીયો બનાવી સોશીયલ મીડીયામાં વાયરલ કરનાર ઈસમો ઉપર પુર્વ કચ્છ ગાંધીધામ પોલીસ દ્વારા સતત વોચ રાખવામાં આવે છે, લોકોમાં ભયનું વાતાવરણ ઉભું થાય તેવી રીતે વાહન હંકારી વિડીયો બનાવી સોશીયલ મીડીયામાં વાયરલ કરવામાં આવશે તો પુર્વ કચ્છ પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# ભુજના પુર્વ પ્રાંત જોશી સામે ફરીયાદ

ભુજ તા.૧૩

કચ્છમા અગાઉ ફરજ બજાવતા અનેક કર્મચારી હાલ વિવાદમાં છે. ખાસ કરીને પ્રદિપ શર્માના સમયમાં કચ્છમાં ફાળવાયેલ વિવિધ જમીનના કેસો હવે સામે આવી રહ્યા છે ત્યારે કચ્છના પુર્વ પ્રાંત અધિકારી જે.ડી જોશી સામે વધુ એક ફરીયાદ નોંધાઇ છે. મહેસુલ વિભાગની તપાસ બાદ આ મામલે ભુજના ગ્રામ્ય મામલતદારે ભુજ એ ડીવીઝન પોલીસ મથકે ફરીયાદ નોધાવી છે.જેમા માધાપર, એશિયા મોટર ને ફાળવાયેલી જમીન ઉપરાંત શ્રૃજન ટ્રસ્ટને ફાળવાયેલી જમીનમાં પણ નિયમોની અવગણના કરી જમીન ફાળવી દેવાઇ હતી આ તમામ બાબતોને લઇને મહેસુલ વિભાગ દ્વારા તપાસ કરવામા આવી હતી અને જમીન ફાળવણીમાં ૭૯ લાખથી વધુ નુ સરકારને નુકશાન પહોંચાડ્યુ હતુ જે બાબત ધ્યાને આવ્યા બાદ ભુજ એ ડીવીઝન પોલીસ મથકે વિવિધ કલમો તળે ફરીયાદ નોંધાઇ છે. ત્યારે અધિકારીની મુશ્કેલી વધી શકે છે. અગાઉ કચ્છના પુર્વ કલેકટર પ્રદિપ શર્મા સહિતના અનેક અધિકારીઓ હાલ જમીન ફાળવણી મામલે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે અને વર્ષો જુના કેસમા તપાસ બાદ તેમની સામે કાર્યવાહી થઇ રહી છે ત્યારે હવે ભુજના તત્કાલીન પ્રાન્ત જે.ડી જોશી સામે એક ગુન્હો નોંધાયો છે. જેને લઇને રેવન્યુ વિભાગમા આ વિષય ચર્ચાનુ કેન્દ્ર બન્યો છે. ત્યારે અધિકારીઓ સાથે સંસ્થા અને જે લોકોને જમીન ફાળવાઇ છે. તેની સામે શુ કાર્યવાહી થાય છે તે પણ જોવુ રહ્યુ

**છઠી બારી અને હોસ્પિટલ રોડ સ્થિત દુકાનોમાં એસ.ઓ.જી. ત્રાટકી**

# ભુજની દુકાનોમાં પ્રતિબંધિત ઈ-સિગારેટ સાથે બે ઈસમો ઝડપાયા

ભુજ તા.૧૩

રાજ્યના અધિક પોલીસ મહાનિદેશક એ.ટી.એસ. અને કચ્છ જિલ્લાના પોલીસ વડા અધિકારીઓ દ્વારા ઇ-સિગારેટના ઉત્પાદન, સેવન, સંગ્રહ, વેચાણ, હેરફેરની પ્રવૃતિને સદંતર ડામવા માટે અસરકારક અને પરિણામલક્ષી કામગીરી કરવા સુચના આપવામાં આવેલ હોઇ તે અનુસંધાને પ્રતિબંધિત ઇ-સિગારેટનું દુષણ નાબુદ કરવા ભુજ એસ.ઓ.જી.ના પોલીસ ઈન્સ્પેક્ટર વી.વી.ભોલા એ તાબાના કર્મચારીઓને આપેલી સુચના અન્વયે એસ.ઓ.જી. સ્ટાફના કર્મચારીઓ કાર્યરત હતા, દરમ્યાન ગઇકાલે એસ.ઓ.જી. પો.હે.કો. નરેન્દ્રસિંહ ઝાલા તથા રઘુવીરસિંહ જાડેજાને સંયુક્ત રીતે ખાનગી રાહે બાતમી મળતાં વર્કઆઉટ કરી શહેરમાં છઠ્ઠીબારી રીંગરોડ ખાતે આવેલ ડ્રેગન નામની દુકાન તથા હોસ્પિટલ રોડ, ભુજ ખાતે આવેલ ગેંગસ્ટર નામની દુકાન માંથી પ્રતિબંધિત ઇ-સિગારેટના અલગ-અલગ કંપની કુલ પેકેટ નંગ ૨૪૧, કિ.રૂ. ૩,૦૦,૬૦૦ નો મુદામાલ ઝડપી પાડી દુકાનોના માલિક જૈનેશ બલદેવ મચ્છર, (રહે.ડાંડા બજાર ખત્રી ચોક), તથા તેની પાસે નોકરી કરતાં જય બિપિન જેઠી,(રહે. મિનારા મસ્જીદ, શરાફ બજાર) ને ઝડપી પાડી મજકુર બંને ઈસમો વિરૂધ્ધ ભુજ એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ધી પ્રોહીબિશન ઓફ ઈલેક્ટ્રોનિક સિગારેટસ એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. ઇ-સિગારેટના પેકેટ નંગ ૨૪૧, કિ.રૂ. ૩,૦૦,૬૦૦ સાથે આરોપીઓના એન્ડ્રોઇ મોબાઇલ નંગ ૦૨, કિ.રૂ. ૭૫,૦૦૦ એમ કુલ કિં.રૂ. ૩,૭૫,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે લેવાયો હતો. આ કામગીરી એસ.ઓ.જી. પોલીસ ઇન્સ્પે. વી.વી.ભોલા, સ.ઇ. પી.પી.ગોહિલ, એ.એસ.આઇ. નરેન્દ્રસિંહ જાડેજા,માણેક ગઢવી, દિનેશ ગઢવી, પો.હે.કો. રઘુવીરસિંહ જાડેજા, નરેન્દ્રસિંહ ઝાલા, ગોપાલ ગઢવી, રજાક સોતા અને મહિપતસિંહ સોલંકી એ કરી હતી.



# ઓવરલોડ વાહન વિરૂધ્ધ પધ્ધર પોલીસની કાર્યવાહી

પધ્ધર તા.૧૩

ઓવરલોડ ચાલતા વાહનો વિરૂધ્ધ કાર્યવાહી કરવા અનુસંધાને આજ રોજ પધ્ધર પોલીસ સ્ટેશનના સબ.ઈન્સ એચ.એમ.ગોહિલ સાથે સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ હતા તે દરમ્યાન ઉખળમોરા પાટીયા પાસે જાહેર રોડ પર ખનીજથી ભરેલ ટાટા આઈવા ડમ્ફર નં જી.જે ૦૨ એક્સ એક્સ ૭૮૩૦ ઓવરલોડ હોતાં પકડી તેના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. કચ્છમાં ખનીજમાં દોડતા બેફામ વાહનો માથાનો દુખાવો છે. તેવામાં પોલીસની કાર્યવાહી સુચક છે પધ્ધર વિસ્તારમાં ચાઈનાક્લેના સહિતના ખનીજના દોડતા વાહનોની સંખ્યા વધુ છે ત્યારે નિયમીત આવી કાર્યવાહી જરૂરી છે. હાલ ટ્રક કબ્જે કરી આગળની કાર્યવાહી પોલીસ દ્વારા કરાઇ છે.




# ભુજ હિલગાર્ડન તરફ જતા રસ્તે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ૬ જણ પકડાયા

ભુજ તા.૧૩

ભુજ એ ડીવીઝન ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેકટર આર.જે.ઠુંમ્મરની સુચના અને માર્ગદશન હેઠળ સર્વેલન્સ સ્ટાફે મળેલી બાતમી આધારે પ્રિન્સ રેસીડેન્સીથી હીલગાર્ડન તરફ જતા રસ્તા ઉપર આવેલ પતરા વાળી બે ઓરડીની સાઇડમાં મકાન તથા બાઉન્ડ્રીની દિવાલની આડમાં ખુલ્લી જગ્યામાં બહારની લાઇટના અજવાળે જ્યાં તીનપત્તીનો જુગાર રમાઇ રહ્યો હતો તે જગ્યાએ રેઇડ કરી છ શખ્શો, રજાક ઉમર કુંભાર, રમજાન ભચલ ધરશ, શોએબ નુરમામદ ધરશ, અજીજ ઉર્ફે શોહીલ અલીમામદ ઓઠાર રહે. તમામ મીરજાપર, જય નરેશગીરી ગોસ્વામી(રહે ભુજ), અને પૃથ્વીરાજ નિરજરાજ સોલંકી (રહે.ભુજ) ને ગંજી પાના, રોકડા રૂપીયા.૩૧,૯૨૦ તથા મોબાઈલ નંગ-૦૪ કિ.રૂ.૨૦,૦૦૦ એમ કુલ્લે કી.રૂ.૫૧,૯૨૦ ના મુદામાલ સાથે ઝડપી પાડ્યા હતા, આ કામગીરીમાં ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેકટર આર.જે ઠુંમ્મરના માર્ગદર્શન હેઠળ સબ.ઈન્સ. એ.પી.વાઘેલા તથા સર્વેલન્સ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

## બીજા વર્ષમા મંગળ પ્રવેશે હાર્દિક શુભેચ્છા

આજના ઝડપી સમાચારોના યુગ સાથે તાલમેલ મેળવી ન્યૂઝ 4 કચ્છ દૈનિક સમાચાર પત્ર એ અખબાર સાથે વેબસાઇટ તેમ જ વીડિયો ન્યૂઝ ના માધ્યમથી એક વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ હાર્દિક શુભેચ્છાઓ. કચ્છ અને કચ્છ બહાર રહેતા કચ્છીઓ સુધી પહોંચેલ આ માધ્યમ કચ્છના પ્રશ્નો ને હજી પણ વધુ વાચા આપે એવી શુભેચ્છા

1 YEAR



1 YEAR

**રાહુલભાઈ ગોર**
ઉપાધ્યક્ષ, કચ્છ જીલ્લા ભાજપ

ન્યુઝ 4 કચ્છ 'વાત કચ્છીયતની'

## બીજા વર્ષમા મંગળ પ્રવેશે હાર્દિક શુભેચ્છા

આજના ઝડપી સમાચારોના યુગ સાથે તાલમેલ મેળવી ન્યૂઝ 4 કચ્છ દૈનિક સમાચાર પત્ર એ અખબાર સાથે વેબસાઇટ તેમ જ વીડિયો ન્યૂઝ ના માધ્યમથી એક વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ હાર્દિક શુભેચ્છાઓ. કચ્છ અને કચ્છ બહાર રહેતા કચ્છીઓ સુધી પહોંચેલ આ માધ્યમ કચ્છના પ્રશ્નો ને હજી પણ વધુ વાચા આપે એવી શુભેચ્છા

1 YEAR



1 YEAR

**શીતલભાઈ શાહ**
ઉપપ્રમુખ કચ્છ જીલ્લા ભાજપ

ન્યુઝ 4 કચ્છ 'વાત કચ્છીયતની'